શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા પુષ્પ - ૧૦

# યોગશાસ્ત્ર
# યોગસારાદિ
# યતિલક્ષણ સમુચ્ચયાદિ
# સૂક્ત-રત્ન-મંજૂષા
## (સાર્થ)

આજ્ઞા : સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ
અને પ. પૂ. આ. ભ. શ્રીમદ્
આશીર્વાદ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.

રાજપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.

સંપાદક : મુનિ ભવ્યસુંદરવિજય

પ્રકાશક : શ્રમણોપાસક પરિવાર
A/301, હેરિટેજ હોલી એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નેહરુ રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૮૦.
કિશોરભાઈ Mo. 98691 48094
shraman.parivar@gmail.com

આવૃત્તિ : પ્રથમ વર્ષ : વિ. સં. ૨૦૭૨

© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈન સંઘ

ભવોદધિત્રાતા

સંયમદાતા

ગ્રહણ-આસેવનશિક્ષાપ્રદાતા

ગુરુદેવ

પ્રવચનપ્રભાવક

પ. પૂ. આ. ભ. શ્રી **વિજય**

**રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.**ના

સંયમજીવનની

સુવર્ણજયંતિ

(૫૦ વર્ષ)

પ્રસંગે

તેઓશ્રીના પાવન ચરણકમલમાં

સાદર સમર્પણ...

મુનિ ભવ્યસુંદરવિ..

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| મુંબઈ | પ્રકાશક |
| અમદાવાદ | **શ્રી બાબુલાલ સરેમલજી શાહ**<br>'સિદ્ધાચલ' બંગલો, હીરા જૈન સોસાયટી,<br>રામનગર, સાબરમતી, અમદાવાદ - 380005.<br>ફોન. 079-2750 5720.<br>(મો.) 94265 85904. |
| સુરત | **શ્રી પરેશભાઈ કાંતિલાલ શાહ**<br>E-1/403, નીલકંઠ રેસિડેન્સી,<br>ન્યુ ક્રોસ રોડ, અમરોલી, સુરત - 394107.<br>ફોન. (મો.) 93235 59466. |
| અન્ય સ્થળો | (કુરિયરથી મંગાવવા માટે)<br>ભાવેશભાઈ (મો.) 94288 32660<br>વિશાલભાઈ (મો.) 98985 08480 |

# સ્વાધ્યાયનો સ્વાદિષ્ટ
## <u>રસથાળ</u>

પ્રાણવાયુ વિના
શરીરને જીવંત રાખવું
અશક્ય.
પાણી વિના
બગીચાને લીલોછમ રાખવો
અશક્ય.
તંદુરસ્ત અને મજબૂત મૂળ વિના
વૃક્ષને ધરતી પર ટકાવી રાખવું
અશક્ય.
બસ, એ જ ન્યાયે
સ્વાધ્યાય વિના
સંયમજીવનને જીવંત રાખવું,
ધબકતું રાખવું,
ટકાવી રાખવું
અશક્ય.
જ્ઞાનસાર નામના ગ્રંથમાં તો
સ્વાધ્યાય [જ્ઞાન] નો
તપમાં સમાવેશ કરી દીધો છે!
અહીં સ્વાધ્યાય માટેનો એવો
સ્વાદિષ્ટ રસથાળ વિદ્વદ્વર્ય
મુનિરાજ શ્રી ભવ્યસુંદરવિજયજીએ
રજૂ કરી દીધો છે કે જેને જોતાંવેંત
જ એને આરોગી લેવાનું અને
આરોગતા રહેવાનું મન થયા વિના
ન રહે.
૫૦ જેટલા ગ્રંથોમાંથી ૨૫૦૦૦
જેટલા શ્લોકો અને ગાથાઓ
અને એમાંથી લગભગ 3000 ગાથાઓ

પસંદ કરીને જિજ્ઞાસુઓ, બાળકો અને મુમુક્ષુઓ સમક્ષ મૂકવાના એ માટે કરેલા આ સ્તુત્ય અને સાર્થક પ્રયાસોની અનુમોદના કરવા માટે તમારા શબ્દો ઓછા પડે છે.

પણ સબૂર !

ઘોડાને જળ ભરેલા સરોવર પાસે લઈ જઈ શકાય છે પણ પાણી તો ઘોડાએ પોતે જ પીવું પડે છે.

બસ, સંપાદક પૂજ્યોને એટલું જ કહીશ કે વિદ્વદ્વર્ય મુનિવરશ્રીએ સ્વાધ્યાય માટેનો સાહિત્ય રસથાળ આપે રજૂ તો કરી દીધો છે પણ રૂચિ અને પ્રસન્નતા અનુભવવા એ સાહિત્ય રસથાળના દ્રવ્યોને આરોગવાનો પુરુષાર્થ તો આપણે પોતે જ કરવો પડશે.

સ્વાધ્યાય યોગના આ માધ્યમે આપણે સહુ આપણાં આત્મદ્રવ્યને નિર્મળ કરતા રહેવામાં હેવ. શુભ કૃપાએ સફળ બનીએ એ જ અંતરની શુભકામના સાથે

લિ.

રત્નસુંદરસૂરિ

## ગાથા ગુંજન...

વૈરાગ્યના ઉપદેશને..

આચારના અનુષ્ઠાનોને..

અધ્યાત્મના બોધને..

દ્રવ્યાનુયોગના પદાર્થોને..

આત્મલક્ષી ભાવનાઓને..

આત્માના વિકાસક્રમને..

યોગ અને અધ્યાત્મના તત્ત્વોને..

પ્રાકૃત ગાથાઓ કે સંસ્કૃત શ્લોકોમાં ગૂંથીને જ્ઞાની મહાપુરુષોએ અજબ-ગજબનો ઉપકાર કરી દીધો છે.

અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા એ મહાપુરુષોએ જે નિર્મળ અને દુર્લભ શુભ ભાવોનો સ્પર્શ કર્યો.. વૈરાગ્યના જે સંવેદનો અનુભવ્યા.. આગમિક - શાસ્ત્રીય પદાર્થોને ગુરુ-પરંપરાથી ઝીલ્યા.. તે ભાવસૌંદર્યને તેમણે સુંદર ગાથાઓમાં કે શ્લોકોમાં મઢી લીધું..

આઠ-નવ ગાથાના કોઈ અષ્ટકથી માંડીને સેંકડો અને સહસ્રાધિક શ્લોકોથી સમૃદ્ધ એવા વિરાટકાય અદ્‌ભુત ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે.

ગાથાઓ કંઠસ્થ કરવાની પાવન પરંપરા છેક પ્રભુ વીરના સમયથી આજ સુધી ચતુર્વિધ સંઘમાં ચાલી રહી છે.

આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટીસૂરિ મ. સા. રોજની ૧ હજાર ગાથા કંઠસ્થ કરતા હતા.

સાંભળ્યું છે કે પૂ. આત્મારામજી મ. સા. રોજની ૩૦૦ ગાથા કંઠસ્થ કરતા હતા.

પેથડમંત્રી રાજદરબારમાં જતા-આવતા પાલખીમાં બેસીને ઉપદેશમાળા ગ્રંથ કંઠસ્થ કરતા હતા.

આજે પણ અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો એવા છે કે જેમને ૫ હજાર કે ૧૦ હજારથી પણ વધુ ગાથાઓ કંઠસ્થ છે.

શ્રાવક વર્ગમાં તો બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણથી આગળ ગોખવાનું ચલણ ઘણું ઓછું છે. શ્રમણ-શ્રમણી વર્ગમાં પણ ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિમાં ઓટ આવતી જાય છે અને કંઠસ્થ કર્યા પછી નિયમિત પુનરાવર્તન દ્વારા તેને ઉપસ્થિત રાખવાનું તો વધુ મંદ બન્યું છે.

ગાથા કંઠસ્થ કરવાના અને ટકાવવાના લાભો અપરંપરા છે. તે છતાં તે બાબતની જે ઉપેક્ષા દેખાય છે તેના કારણો તપાસીએ તો એક મહત્ત્વનું કારણ તરત ઊડીને આંખે વળગે છે - તે છે ...

સૂત્ર ગ્રંથોના વિશાળ કદ.

ઉપદેશમાળા ગ્રંથ વૈરાગ્યનો અદ્‌ભુત ગ્રંથ છે. પૂ. ગુરુદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ઉપદેશમાળા કંઠસ્થ કરવાની ખાસ પ્રેરણા કરતાં. પરંતુ તેની ૫૪૪ ગાથાનો આંકડો જોઈને જ હિંમત બહુ ઓછી થાય. તેથી સંપૂર્ણ ગ્રંથ ગોખવાનો જેમને ઉત્સાહ ન હોય તેમને ચૂંટેલી ગાથાઓ ગોખવા કહેતાં.

જૈન સાહિત્યમાં સારોદ્ધારની પણ એક સુંદર પરંપરા જોવા મળે છે. સંક્ષેપરુચિવાળા જીવો વિશાળકાય ગ્રંથના અર્કને સારોદ્ધાર દ્વારા પ્રાપ્ત કરીને પચાવી શકે. સારોદ્ધારની પરંપરાને નજર સામે રાખીને વિદ્વદ્વર્ય,

પ્રખર શાસ્ત્રાભ્યાસી અને અધ્યાપનકુશલ મુનિપ્રવર શ્રી ભવ્યસુંદરવિજય મ. સા.એ ગ્રંથો કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ જોર પકડે તે ઉમદા ભાવનાથી વિશેષરૂપે કંઠસ્થ કરવા લાયક અનેક ગ્રંથોની ચૂંટેલી ગાથાઓ સંગ્રહિત કરી છે, જે પુસ્તિકારૂપે પ્રકાશિત થઈ રહી છે.

તેમની પાસે પસંદગીનો વિવેક ખૂબ સારો છે. ચોટદાર અને વિશેષ ઉપયોગી ગાથાઓને તેમણે ચૂંટી કાઢી છે. તે માટે તેમણે કેવો ભવ્ય અને સુંદર પરિશ્રમ ઉઠાવ્યો હશે, તે સમજી શકાય છે.

મને અત્યંત વિશ્વાસ છે કે તેમનો આ ભવ્ય-સુંદર પરિશ્રમ લેખે લાગશે. આ નાની-નમણી પુસ્તિકાઓના માધ્યમથી ચતુર્વિધ સંઘમાં ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ ખૂબ વેગ પકડશે. હવે ચારેય બાજુ ગાથાઓના ઘોષ ગૂંજી ઉઠશે.

મુનિશ્રીને હાર્દિક ધન્યવાદ.

-

**મુક્તિવલ્લભસૂરિ**

શ્રાવણ સુદ ૧, ૨૦૭૨

સાબરમતી.

## સંપાદકીય

જિનશાસનના શ્રુતજ્ઞાનરૂપી સાગરમાં અગણિત ગ્રંથરત્નો છે, જે વૈરાગ્યાદિ ભાવોથી ઝળકી રહ્યા છે..

પંચમ કાળના પ્રભાવે સ્મૃતિશક્તિ ઘટતી જવાને કારણે વર્તમાનકાલીન શ્રમણો આ ગ્રંથોને કંઠસ્થ કરી શકતા નથી કે કંઠસ્થ કર્યા પછી યાદ રાખી શકતા નથી, કારણ કે ગ્રંથો વિશાળ છે.

આવા અદ્‌ભુત ગ્રંથોના અદ્‌ભુત ભાવોથી અલ્પ ક્ષયોપશમવાળા શ્રમણો સર્વથા વંચિત ન રહે તે માટે, આ ગ્રંથોની વિશિષ્ટ વૈરાગ્યાદિ-સભર ગાથાઓને પસંદ કરીને તેનું અર્થસહિત પ્રકાશન થઈ રહ્યું છે..

પૂર્વકાલીન મહાપુરુષોએ પણ આવા પ્રયત્નો કર્યા જ છે. જેમ કે ઉપમિતિ સારોદ્ધાર (દેવેન્દ્રસૂરિજી), ઉપમિતિ સાર સમુચ્ચય (વર્ધમાનસૂરિજી), કુવલયમાલા સંક્ષેપ (રત્નપ્રભસૂરિજી), ત્રિષષ્ટિ સારોદ્ધાર (શુભંકરસૂરિજી), લઘુ પ્રવચન સારોદ્ધાર (ચંદ્રર્ષિ), સમરાદિત્ય સંક્ષેપ (પ્રદ્યુમ્નસૂરિજી), લઘુ ત્રિષષ્ટિ (મેઘવિજયજી), હૈમ લઘુ પ્રક્રિયા (મહો. વિનયવિજયજી) વગેરે...

જેમ સંક્ષિપ્ત તે ગ્રંથોથી મૂળ વિસ્તૃત ગ્રંથોનું મહત્ત્વ ઘટ્યું નથી કે લોપ થયો નથી; તેમ આ સંક્ષિપ્ત પ્રકાશનથી મૂળ ગ્રંથોના લોપ થવાની કે મહત્ત્વ ઘટવાની સંભાવના રહેતી નથી.

જોકે વિશિષ્ટ ક્ષયોપશમવાળા શ્રમણ ભગવંતો તો સંપૂર્ણ મૂળ ગ્રંથો ભણે જ, તેવી મારી ખાસ ભલામણ છે..

ગાથાઓની પસંદગીમાં વૈરાગ્યાદિ-જનનશક્તિ ઉપરાંત વિવિધતા, ગોખવાની સરળતા, અર્થની સુબોધતા વગેરે નજરમાં રાખ્યા છે.

મૂળગ્રંથગત ક્રમને પ્રધાન ન કરતાં, સરખા વિષયવાળી ગાથાઓ એકસાથે આવે તે રીતે ક્રમ લીધો છે.

મૂળ ગ્રંથનો ગાથાક્રમ, દરેક ગાથાની પૂર્વે લખેલો છે. ગાથાના અંતે ક્રમિક ક્રમ આપેલો છે. ગોખવાની સરળતા તથા સુબોધતા માટે ક્યાંક સંધિનો વિગ્રહ કર્યો છે.

સંપૂર્ણ ગ્રંથ કંઠસ્થ નહીં કરી શકનારા શ્રમણ શ્રમણી ભગવંતો આ ગ્રંથોને કંઠસ્થ કરે, રાખે, તેના અર્થ સહિત પરાવર્તન દ્વારા આત્માને વૈરાગ્યાદિ ભાવોથી ભાવિત કરીને શીઘ્ર મુક્તિગામી બને એ જ આ પ્રકાશનનો ઉદ્દેશ્ય છે..

સંપાદન-અર્થસંકલનમાં કોઈ ક્ષતિ રહી હોય તો જણાવવા બહુશ્રુત ગીતાર્થોને વિનંતી છે.

ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ / ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ પ્રતિપાદન થયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

દ.
ભવ્યસુંદરવિ.
વિ. સં. ૨૦૭૨, શ્રા. સુ. ૧૦,
મહાવીરનગર, હિંમતનગર.

# શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા

| પુષ્પ | ગ્રંથો |
|---|---|
| ૧. | વૈરાગ્યશતકાદિ, કુલકો ભાગ-૧, કુલકો ભાગ-૨ |
| ૨. | ઉપદેશમાળા, પુષ્પમાળા, ભવભાવના |
| ૩. | પ્રકરણાદિ, પ્રવચન સારોદ્ધાર, પિંડવિશુદ્ધિ |
| ૪. | આવશ્યકનિર્યુક્તિઆદિ, પંચવસ્તુક, યતિદિનકૃત્ય |
| ૫. | સંબોધ પ્રકરણ, સંબોધસિત્તરિ-પંચસૂત્ર |
| ૬. | શાંત સુધારસ, પ્રશમરતિ, અધ્યાત્મકલ્પદ્રુમ |
| ૭. | જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ્ આદિ |
| ૮. | ષોડશક આદિ, યોગબિંદુ આદિ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| ૯. | વીતરાગ સ્તોત્ર, સ્તુતિસંગ્રહ |
| ૧૦. | યોગશાસ્ત્ર, યોગસાર આદિ, યતિલક્ષણસમુચ્ચય આદિ |

## ઋણ સ્વીકાર

૧. મૂળ ગ્રંથોના કર્તા - જ્ઞાની પૂર્વ મહર્ષિઓ

૨. આશીર્વાદ - પ્રેરણા - પ્રોત્સાહન - માર્ગદર્શન આપનારા
સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ. સા.
ભવોદધિતારક ગુરુદેવ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી** મ. સા.
તાર્કિક શિરોમણિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મ. સા.

૩. સુંદર પ્રસ્તાવના દ્વારા પ્રકાશનને અલંકૃત કરનાર
શાસન પ્રભાવક પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ. સા.

૪. ગાથાઓની પસંદગી અને સંપાદનકાર્યમાં સહાય કરનાર
પ. પૂ. મુનિ શ્રી **મૃદુસુંદરવિ.** મ. સા.
પ. પૂ. મુનિ શ્રી **નિર્મળસુંદરવિ.** મ. સા.

૫. ઝીણવટપૂર્વક અર્થનું સંશોધન અને પ્રુફરીડિંગ કરનારા
દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય **ગુણરત્નસૂરીશ્વરજી** મ. સા.ના પ્રશિષ્યો
પૂ. મુ. શ્રી **ત્રિભુવનરત્નવિ.** મ. સા.
પૂ. મુ. શ્રી **હિતાર્થરત્નવિ.** મ. સા.

૬. જે પ્રકાશનોમાંથી મૂળપાઠ અને ક્યાંક અર્થો પણ લીધા છે, તે પ્રકાશકો અને તેના સંપાદકો

આ બધાની કૃપા - પ્રેરણા - સહાયતાના ફળસ્વરૂપે આ કાર્ય સંભવિત બન્યું છે, તે સહુનો હું અત્યંત ઋણી છું.

મુ. ભવ્યસુંદરવિ.

## સંપૂર્ણ ગ્રંથમાળાના પ્રકાશનનો લાભ

૧. શ્રી મહેસાણા ઉપનગર જૈન સંઘ, મહેસાણા.

૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન મંદિર, માલવીયનગર, જયપુર.

૩. શ્રી જવાહરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ.

૪. શ્રી દહાણુકરવાડી મહાવીરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.

૫. શ્રી શાંતિનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, મીરાં રોડ, જિ. થાણા.

૬. શ્રી નવજીવન શ્વે. મૂ. જૈન સંઘ, નવજીવન સોસાયટી, મુંબઈ.

૭. શ્રી મુલુંડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ઝવેર રોડની શ્રાવિકા બહેનો, મુલુંડ (વેસ્ટ), મુંબઈ.

એ જ્ઞાનનિધિમાંથી લીધો છે.
તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

\- પ્રકાશક

આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનદ્રવ્યમાંથી થયું હોવાથી ગૃહસ્થે રૂા. ૩૦/-
જ્ઞાનખાતે ચૂકવ્યા વિના માલિકી કરવી નહીં.

# યોગશાસ્ત્ર

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

**કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

**ગ્રંથ** : યોગશાસ્ત્ર સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ)

**આધારગ્રંથ** : યોગશાસ્ત્ર

**આધારગ્રંથકર્તા** : (કલિકાલસર્વજ્ઞ) પ. પૂ. આ. ભ.
શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.

**અનુવાદ આધાર** : પૂ. આ. શ્રી રાજશેખરસૂરીશ્વરજી કૃત
અનુવાદ

**અર્થસંકલન** : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા.

**અર્થસંશોધન** : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય
ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય...
પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા.

**ભાષા** : સંસ્કૃત, ગુજરાતી

**વિષય** : સાધ્વાચાર

~~ મંગળ ~~

१/१ नमो दुर्वाररागादि-वैरिवारनिवारिणे ।
अर्हते योगिनाथाय, महावीराय तायिने ॥१॥

દુઃખેથી જીતી શકાય તેવા રાગ વગેરે અંતરંગ શત્રુઓના સમૂહને જીતનારા, શરણ આપનારા, યોગીઓના નાથ અને અરિહંત (અષ્ટ પ્રાતિહાર્યથી પૂજિત) એવા મહાવીરસ્વામી ભગવંતને નમસ્કાર થાઓ.

१/२ पन्नगे च सुरेन्द्रे च, कौशिके पादसंस्पृशि ।
निर्विशेषमनस्काय, श्रीवीरस्वामिने नमः ॥२॥

(ભક્તિથી) ચરણસ્પર્શ કરનાર કૌશિક નામના ઈન્દ્ર અને (દ્વેષથી) ચરણસ્પર્શ કરનાર (ડંખનાર) ચંડકૌશિક નામના સર્પ, બંને પર સમાન મન ધરાવનારા શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર થાઓ.

१/४ श्रुताम्भोधेरधिगम्य, सम्प्रदायाच्च सद्गुरोः ।
स्वसंवेदनतश्चापि, योगशास्त्रं विरच्यते ॥३॥

શાસ્ત્રરૂપી સમુદ્રમાંથી, સદ્ગુરુની પરંપરાથી અને સ્વાનુભવથી જાણીને યોગશાસ્ત્રની રચના કરાય છે.

~~ યોગમાહાત્મ્ય ~~

१/५ योगः सर्वविपद्वल्ली-विताने परशुः शितः ।
अमूलमन्त्रतन्त्रं च, कार्मणं निर्वृतिश्रियः ॥४॥

યોગ એ સર્વ વિપત્તિની વેલડીઓને કાપવા માટે ધારદાર કુહાડી છે અને મોક્ષલક્ષ્મીને વશ કરનાર તથા જડીબુટ્ટી, મંત્ર કે તંત્ર વિનાનું કામણ છે.

१/६ भूयांसोऽपि हि पाप्मानः, प्रलयं यान्ति योगतः ।
चण्डवाताद् घनघना, घनाघनघटा इव ॥५॥

પ્રચંડ પવનથી અતિ ઘન વાદળોનો સમૂહ નાશ પામે તેમ યોગથી ઘણાં પણ પાપો નાશ પામે છે.

१/७ क्षिणोति योगः पापानि, चिरकालार्ज्जितान्यपि ।
प्रचितानि यथैधांसि, क्षणादेवाशुशुक्षणिः ॥६॥

એકઠાં કરેલા લાકડારૂપ ઈંધણને જેમ અગ્નિ ક્ષણવારમાં જ બાળી નાખે છે, તેમ યોગ ઘણાં કાળથી ભેગાં કરેલાં પાપોનો પણ ક્ષણવારમાં જ નાશ કરે છે.

१/१० अहो ! योगस्य माहात्म्यं, प्राज्यं साम्राज्यमुद्वहन् ।
अवाप केवलज्ञानं, भरतो भरताधिपः ॥७॥

ભરત ચક્રવર્તી વિશાળ સામ્રાજ્યને ભોગવતાં ભોગવતાં કેવળજ્ઞાન પામ્યા. અહો ! યોગનું કેવું માહાત્મ્ય !

१/११ पूर्वमप्राप्तधर्माऽपि, परमानन्दनन्दिता ।
योगप्रभावतः प्राप, मरुदेवा परं पदम् ॥८॥

જેણે પૂર્વે કદી ધર્મ પ્રાપ્ત કર્યો નથી તેવા પરમ આનંદથી આનંદિત થયેલા મરૂદેવા માતા યોગના પ્રભાવથી જ મોક્ષપદને પામ્યા.

१/१२ ब्रह्मस्त्रीभ्रूणगोघात-पातकान्नरकातिथेः ।
दृढप्रहारिप्रभृतेः, योगो हस्तावलम्बनम् ॥९॥

બ્રાહ્મણ, સ્ત્રી, ગર્ભ અને ગાયની હત્યાથી નરકમાં જનારા દૃઢપ્રહારી વગેરેને બચવા માટે યોગ જ આધારભૂત થયો.

१/१३ तत्कालकृतदुष्कर्म-कर्मठस्य दुरात्मनः ।
गोप्त्रे चिलातीपुत्रस्य, योगाय स्पृहयेन्न कः ? ॥१०॥

હમણાં જ જેણે દુષ્કર્મ કર્યું છે તેવા દુષ્ટ આત્મા ચિલાતીપુત્રનું પણ રક્ષણ કરનાર યોગને કોણ ન ઈચ્છે ?

-: રત્નત્રયી :-

१/१५ चतुर्वर्गेऽग्रणीर्मोक्षो, योगस्तस्य च कारणम् ।
ज्ञानश्रद्धानचारित्र-रूपं रत्नत्रयं च सः ॥११॥

ચાર પુરુષાર્થમાં મોક્ષ પ્રધાન છે અને યોગ તેનું કારણ છે. અને તે યોગ સમ્યગ્ જ્ઞાન, શ્રદ્ધા(દર્શન) અને ચારિત્રરૂપ રત્નત્રયી સ્વરૂપ છે.

१/१६ यथावस्थिततत्त्वानां, संक्षेपाद् विस्तरेण वा ।
योऽवबोधस्तमत्राहुः, सम्यग्ज्ञानं मनीषिणः ॥१२॥

યથાવસ્થિત તત્ત્વો(પદાર્થો)નો સંક્ષેપ કે વિસ્તારથી જે અવબોધ, તેને પંડિતો સમ્યગ્જ્ઞાન કહે છે.

१/१७ रुचिर्जिनोक्ततत्त्वेषु, सम्यक्श्रद्धानमुच्यते ।
जायते तन्निसर्गेण, गुरोरधिगमेन वा ॥१३॥

પરમાત્માએ કહેલ તત્ત્વો પર રુચિને સમ્યક્ શ્રદ્ધા કહેવાય છે. તે નિસર્ગ(ક્ષયોપશમ)થી કે ગુરુના ઉપદેશથી થાય છે.

१/१८ सर्वसावद्ययोगानां, त्यागश्चारित्रमिष्यते ।
कीर्तितं तदहिंसादि-व्रतभेदेन पञ्चधा ॥१४॥

સર્વ સાવદ્યયોગોના ત્યાગને (સમ્યક્)ચારિત્ર કહેવાય છે. તે અહિંસા વગેરે વ્રતોના ભેદથી પાંચ પ્રકારનું કહેવાયેલું છે.

~~ મહાવ્રત ~~

१/२० न यत् प्रमादयोगेन, जीवितव्यपरोपणम् ।
त्रसानां स्थावराणां च, तदहिंसाव्रतं मतम् ॥१५॥

પ્રમાદથી ત્રસ અને સ્થાવર જીવોના જીવનનો નાશ ન કરવો તે અહિંસાવ્રત છે.

१/२१ प्रियं पथ्यं वचस्तथ्यं, सूनृतव्रतमुच्यते ।
तत्तथ्यमपि नो तथ्यम्, अप्रियं चाहितं च यत् ॥१६॥

પ્રિય, પથ્ય(હિતકર) અને તથ્ય(સાચું) વચન (બોલવું), એ સત્યવ્રત કહેવાય છે. જે અપ્રિય કે અહિતકર છે તે દેખીતી રીતે તથ્ય હોય તો પણ વાસ્તવિક રીતે તથ્ય નથી.

૧/૨૨ अनादानमदत्तस्यास्तेयव्रतमुदीरितम् ।
बाह्याः प्राणा नृणामर्थो, हरता तं हता हि ते ॥१७॥

(માલિકે) નહીં આપેલી વસ્તુ ન લેવી, તે અસ્તેયવ્રત કહેવાયેલું છે. સંપત્તિ એ મનુષ્યોના બાહ્ય પ્રાણ છે. સંપત્તિ હરવાથી તેમના પ્રાણ હરાઈ જાય છે.

૧/૨૩ दिव्यौदारिककामानां, कृतानुमतिकारितैः ।
मनोवाक्कायतस्त्यागो, ब्रह्माष्टादशधा मतम् ॥१८॥

દિવ્ય અને ઔદારિક કામસુખોનો મન-વચન-કાયાથી, કરણ-કરાવણ-અનુમોદનથી ત્યાગ એ અઢાર પ્રકારનું બ્રહ્મચર્ય છે.

૧/૨૪ सर्वभावेषु मूर्च्छायाः, त्यागः स्यादपरिग्रहः ।
यदसत्स्वपि जायेत, मूर्च्छया चित्तविप्लवः ॥१९॥

સર્વ ભાવો પર મૂર્ચ્છાનો ત્યાગ એ જ અપરિગ્રહ છે. (માત્ર બાહ્યથી ત્યાગ નહીં). કારણકે જે પદાર્થ છે જ નહીં, તેના પરની મૂર્ચ્છાથી પણ ચિત્ત અશુભ બને છે.

~~ મહાવ્રતોની ભાવના ~~

૧/૨૬ मनोगुप्त्येषणाऽऽदानेर्याभिः समितिभिः सदा ।
दृष्टान्नपानग्रहणेनाहिंसां भावयेत् सुधीः ॥२०॥

મનોગુપ્તિ, એષણા, આદાન અને ઈર્યાસમિતિ, હંમેશાં અન્ન-પાનનું જોઈને જ ગ્રહણ - આ બધા વડે બુદ્ધિમાને અહિંસા-વ્રતનો અભ્યાસ કરવો.

१/२७ हास्यलोभभयक्रोध-प्रत्याख्यानैर्निरन्तरम् ।
आलोच्य भाषणेनापि, भावयेत् सूनृतव्रतम् ॥२१॥

હાસ્ય, લોભ, ભય અને ક્રોધના ત્યાગ વડે અને હંમેશાં વિચારીને બોલવા વડે સત્યવ્રતનો અભ્યાસ કરવો.

१/२८ आलोच्यावग्रहयाञ्चा-भीक्ष्णावग्रहयाचनम् ।
एतावन्मात्रमेवैतद्, इत्यवग्रहधारणम् ॥२२॥

વિચારીને અવગ્રહ માંગવો, વારંવાર અવગ્રહ માંગવો, 'આ આટલો જ છે' એમ અવગ્રહને ધારી રાખવો...

१/२९ समानधार्मिकेभ्यश्च, तथाऽवग्रहयाचनम् ।
अनुज्ञापितपानान्नाशनमस्तेयभावनाः ॥२३॥

સાધર્મિક (સાધુ) પાસેથી અવગ્રહ માંગવો અને (ગુરુએ) અનુજ્ઞા આપેલ અશન-પાન જ વાપરવા તે અસ્તેયવ્રતની ભાવના છે.

१/३० स्त्रीषण्ढपशुमद्वेश्मासनकुड्यन्तरोज्झनात् ।
सरागस्त्रीकथात्यागात्, प्रागरतस्मृतिवर्जनात् ॥२४॥

સ્ત્રી, નપુંસક કે પશુ જેમાં રહેતા હોય તેવા મકાન, (તેમના) આસન અને દીવાલના અંતરે તેઓ હોય તેવા સ્થાનના ત્યાગ વડે, રાગપૂર્વક સ્ત્રીકથાના ત્યાગ વડે, પૂર્વક્રીડાના સ્મરણના ત્યાગ વડે...

१/३१ स्त्रीरम्याङ्गेक्षणस्वाङ्ग-संस्कारपरिवर्जनात् ।
प्रणीतात्यशनत्यागाद्, ब्रह्मचर्यं तु भावयेत् ॥२५॥

સ્ત્રીના સુંદર અંગોના નિરીક્ષણ અને પોતાના અંગોની વિભૂષાના ત્યાગ વડે, પ્રણીત (વિગઈ ભરપૂર) અને પ્રમાણથી વધારે ભોજનના ત્યાગ વડે; આ બધા વડે બ્રહ્મચર્યવ્રતની ભાવના કરવી.

१/३२ स्पर्शे रसे च गन्धे च, रूपे शब्दे च हारिणि ।
पञ्चस्वितीन्द्रियार्थेषु, गाढं गार्ध्यस्य वर्जनम् ॥२६॥

મનોહર(ઈષ્ટ) સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એમ પાંચ ઈન્દ્રિયના વિષયોમાં ગાઢ આસક્તિનો ત્યાગ...

१/३३ एतेष्वेवामनोज्ञेषु, सर्वथा द्वेषवर्जनम् ।
आकिञ्चन्यव्रतस्यैवं, भावनाः पञ्च कीर्त्तिताः ॥२७॥

અને અમનોહર(અનિષ્ટ) એવા આ વિષયો પર દ્વેષનો સર્વથા ત્યાગ એમ અપરિગ્રહવ્રતની પાંચ ભાવના કહેવાયેલી છે.

~~ પાંચ સમિતિ ~~

१/३६ लोकातिवाहिते मार्गे, चुम्बिते भास्वदंशुभिः ।
जन्तुरक्षार्थमालोक्य, गतिरीर्या मता सताम् ॥२८॥

લોકોએ ખેડેલા અને સૂર્યકિરણો જેને સ્પર્શતા હોય તેવા માર્ગ પર જીવોને બચાવવા માટે જોઈને ચાલવું, તે ઈર્યાસમિતિ છે.

१/३७ अवद्यत्यागतः सर्व-जनीनं मितभाषणम् ।
प्रिया वाचंयमानां सा, भाषासमितिरुच्यते ॥२९॥

સાવદ્યભાષાના ત્યાગપૂર્વક, સર્વ જીવોને હિતકર અને માપસર બોલવું, તે સાધુ ભગવંતોની પ્રિય એવી ભાષાસમિતિ કહેવાય છે.

१/३८ द्विचत्वारिंशता भिक्षा-दोषैर्नित्यमदूषितम् ।
मुनिर्यदन्नमादत्ते, सैषणासमितिर्मता ॥३०॥

ગોચરીના બેંતાલીશ દોષોથી અદુષ્ટ એવા જે આહારનું સાધુ ભગવંત હંમેશાં ગ્રહણ કરે છે, તે એષણાસમિતિ છે.

१/३९ आसनादीनि संवीक्ष्य, प्रतिलिख्य च यत्नतः ।
गृह्णीयाद् निक्षिपेद्वा यत्, साऽऽदानसमितिः स्मृता ॥३१॥

આસન વગેરે જોઈને અને ઉપયોગ પૂર્વક પૂંજીને જે લેવા અથવા મૂકવા તે આદાનસમિતિ છે.

१/४० कफमूत्रमलप्रायं, निर्जन्तुजगतीतले ।
यत्नाद् यदुत्सृजेत् साधुः, सोत्सर्गसमितिर्भवेत् ॥३२॥

સાધુ કફ, મૂત્ર, મળ વગેરેને જીવ રહિત ધરતી પર ઉપયોગપૂર્વક પરઠવે, તે ઉત્સર્ગ (પારિષ્ઠાપનિકા) સમિતિ છે.

~~ ત્રણ ગુપ્તિ ~~

१/४१ विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् ।
आत्मारामं मनः तज्ज्ञैः, मनोगुप्तिरुदाहृता ॥३३॥

કલ્પનાઓની જંજાળથી રહિત, સમતામાં સ્થિર, આત્મામાં જ મગ્ન એવું મન, એ જ જ્ઞાનીઓએ મનોગુપ્તિ કહી છે.

१/४२ संज्ञादिपरिहारेण, यन्मौनस्यावलम्बनम् ।
वाग्वृत्तेः संवृत्तिर्वा या, सा वाग्गुप्तिरिहोच्यते ॥३४॥

ઈશારાદિના પણ ત્યાગપૂર્વક જે મૌન રાખવું અથવા (ચૌદમા ગુણસ્થાને) વાણીનો સર્વથા જે નિરોધ, તે વચનગુપ્તિ કહેવાય છે.

१/४३ उपसर्गप्रसङ्गेऽपि, कायोत्सर्गजुषो मुनेः ।
स्थिरीभावः शरीरस्य, कायगुप्तिर्निगद्यते ॥३५॥

ઉપસર્ગ થાય ત્યારે પણ કાયોત્સર્ગમાં રહેલ મુનિના શરીરની સ્થિરતાને કાયગુપ્તિ કહેવાય છે.

१/४४ शयनासननिक्षेपादानचङ्क्रमणेषु यः ।
स्थानेषु चेष्टानियमः, कायगुप्तिस्तु साऽपरा ॥३६॥

સૂવું, બેસવું, મૂકવું, લેવું, ચાલવું - આ સ્થાનોમાં શારીરિક ચેષ્ટાને સંયમિત રાખવી, તે અન્ય રીતે કાયગુપ્તિ છે.

१/४५ एताश्चारित्रगात्रस्य, जननात् परिपालनात् ।
संशोधनाच्च साधूनां, मातरोऽष्टौ प्रकीर्त्तिताः ॥३७॥

આ (પાંચ સમિતિ- ત્રણ ગુપ્તિ) સાધુના ચારિત્રરૂપી શરીરને જન્મ આપનાર, પાલન-પોષણ કરનાર અને શુદ્ધ કરનાર હોવાથી સાધુની (અથવા ચારિત્રની) આઠ માતાઓ કહેવાયેલી છે.

~~ સમ્યક્ત્વ ~~

२/१५ शमसंवेगनिर्वेदानुकम्पास्तिक्यलक्षणैः ।
लक्षणैः पञ्चभिः सम्यक्, सम्यक्त्वमुपलक्ष्यते ॥३८॥

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય રૂપ પાંચ લક્ષણોથી સમ્યક્ત્વ સારી રીતે જાણી શકાય છે.

२/१६ स्थैर्यं प्रभावना भक्तिः, कौशलं जिनशासने ।
तीर्थसेवा च पञ्चास्य, भूषणानि प्रचक्षते ॥३९॥

જિનશાસનમાં સ્થિરતા (અવિચલિતતા), પ્રભાવના, ભક્તિ, કુશળતા અને તીર્થની સેવા એ પાંચ સમ્યક્ત્વના ભૂષણ છે.

२/१७ शङ्का काङ्क्षा विचिकित्सा, मिथ्यादृष्टिप्रशंसनम् ।
तत्संस्तवश्च पञ्चापि, सम्यक्त्वं दूषयन्त्यलम् ॥४०॥

શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિની પ્રશંસા અને તેમની સાથે સંબંધ-પરિચય એ પાંચે સમ્યક્ત્વને અત્યંત દૂષિત કરે છે.

~ અહિંસા ~

२/२० आत्मवत् सर्वभूतेषु, सुखदुःखे प्रियाप्रिये ।
चिन्तयन्नात्मनोऽनिष्टां, हिंसामन्यस्य नाचरेत् ॥४१॥

'બધા જીવોને આપણી જેમ જ સુખ ગમે છે, દુઃખ નથી ગમતું' એ વિચારીને પોતાને નહીં ગમતી હિંસા (પીડા) બીજાને ન કરવી.

२/२७ श्रूयते प्राणिघातेन, रौद्रध्यानपरायणौ ।
सुभूमो ब्रह्मदत्तश्च, सप्तमं नरकं गतौ ॥४२॥

જીવહિંસાથી રૌદ્રધ્યાનમાં પરાયણ એવા સુભૂમ અને બ્રહ્મદત્ત સાતમી નરકે ગયા, એમ શાસ્ત્રોમાં કહેવાયેલું છે.

२/४८ यो भूतेष्वभयं दद्याद्, भूतेभ्यस्तस्य नो भयम् ।
यादृग् वितीर्यते दानं, तादृगासाद्यते फलम् ॥४३॥

જે જીવોને અભય આપે, તેને જીવોથી ભય ના રહે. જેવું દાન અપાય, તેવું ફળ મળે.

२/५२ दीर्घमायुः परं रूपम्, आरोग्यं श्लाघनीयता ।
अहिंसायाः फलं सर्वं, किमन्यत् कामदैव सा ॥४४॥

દીર્ઘાયુ, સુંદર રૂપ, આરોગ્ય, પ્રશંસનીયતા - આ બધું અહિંસાનું ફળ છે. વધુ શું કહેવું ? અહિંસા ઇચ્છિત બધું જ આપે છે.

~~ સત્ય ~~

२/५३ मन्मनत्वं काहलत्वं, मूकत्वं मुखरोगिताम् ।
वीक्ष्यासत्यफलं कन्यालीकाद्यसत्यमुत्सृजेत् ॥४५॥

અસ્પષ્ટ બોલવું, તોતડાપણું, મૂંગાપણું, મોઢાના રોગો - આ બધા અસત્યના ફળ વિચારીને (શ્રાવકે) કન્યા વગેરે સંબંધી અસત્ય તજવું.

२/५५ सर्वलोकविरुद्धं यद्, यद् विश्वसितघातकम् ।
यद् विपक्षश्च पुण्यस्य, न वदेत्तदसूनृतम् ॥४६॥

જે સર્વલોકથી વિરુદ્ધ છે, વિશ્વાસનું ઘાતક છે, પુણ્યનું વિરોધી છે તે અસત્ય ન બોલવું.

२/५६ असत्यतो लघीयस्त्वम्, असत्याद् वचनीयता ।
अधोगतिरसत्याच्च, तदसत्यं परित्यजेत् ॥४७॥

અસત્યથી લઘુતા (અપમાન), નિંદનીયતા અને અધોગતિ (નરક) થાય છે. માટે અસત્ય છોડવા યોગ્ય છે.

२/५९ निगोदेष्वथ तिर्यक्षु, तथा नरकवासिषु ।
उत्पद्यन्ते मृषावाद-प्रसादेन शरीरिणः ॥४८॥

મૃષાવાદના પ્રભાવે જીવો નિગોદ, તિર્યંચ અને નારકીમાં ઉત્પન્ન થાય છે.

२/६० ब्रूयाद् भियोपरोधाद् वा, नासत्यं कालिकार्यवत् ।
यस्तु ब्रूते स नरकं, प्रयाति वसुराजवत् ॥४९॥

ભયથી કે કોઈના આગ્રહથી જૂઠું ન બોલવું - જેમ કે કાલિકાચાર્ય ન બોલ્યા. જે જૂઠ બોલે, તે વસુરાજાની જેમ નરકે જાય છે.

२/६१ न सत्यमपि भाषेत, परपीडाकरं वचः ।
लोकेऽपि श्रूयते यस्मात्, कौशिको नरकं गतः ॥५०॥

અન્યને પીડા કરનારું વચન સત્ય હોય તો પણ ન બોલવું. કારણકે (તેવું બોલનાર) કૌશિક નરકમાં ગયો તેમ લોકમાં પણ સંભળાય છે.

२/६४ अलीकं ये न भाषन्ते, सत्यव्रतमहाधनाः ।
नापराद्धुमलं तेभ्यो, भूतप्रेतोरगादयः ॥५१॥

સત્યવ્રતરૂપી મહાન્ ધનવાળા જેઓ જૂઠું બોલતા નથી, તેમને ભૂત-પ્રેત-સર્પ વગેરે પણ હેરાન કરી શકતા નથી.

~~ અચૌર્ય ~~

२/६५ दौर्भाग्यं प्रेष्यतां दास्यम्, अङ्गच्छेदं दरिद्रताम् ।
अदत्तात्तफलं ज्ञात्वा, स्थूलस्तेयं विवर्जयेत् ॥५२॥

દુર્ભાગ્ય, નોકરપણું, દાસપણું, અંગછેદ, ગરીબી - આ બધા અદત્તાદાનના ફળને જાણીને (શ્રાવકે) સ્થૂલ અદત્તાદાનનો ત્યાગ કરવો.

२/७३ दूरे परस्य सर्वस्वम्, अपहर्तुमुपक्रमः ।
उपाददीत नादत्तं, तृणमात्रमपि क्वचित् ॥५३॥

બીજાનું સર્વસ્વ હરી લેવાનો પ્રયાસ તો દૂર રહો, (માલિકે) નહીં આપેલું એક તણખલું પણ ક્યારેય લેવું નહીં.

~~ બ્રહ્મચર્ય ~~

२/७७ रम्यमापातमात्रे यत्, परिणामेऽतिदारुणम् ।
किम्पाकफलसङ्काशं, तत् कः सेवेत मैथुनम् ? ॥५४॥

કિંપાકફળની જેમ જે શરૂઆતમાં સુંદર છે, પણ પરિણામે અતિભયાનક છે, તેવા મૈથુનને કોણ સેવે ?

२/७८ कम्पः स्वेदः श्रमो मूर्च्छा, भ्रमिः ग्लानिः बलक्षयः ।
राजयक्ष्मादिरोगाश्च, भवेयुः मैथुनोत्थिताः ॥५५॥

મૈથુનથી ધ્રૂજારી, પરસેવો, શ્રમ, મૂર્ચ્છા, ચક્કર, બિમારી, બળનો નાશ અને ક્ષય વગેરે રોગો થાય છે.

२/८१ स्त्रीसम्भोगेन यः कामज्वरं प्रतिचिकीर्षति ।
स हुताशं घृताहुत्या, विध्यापयितुमिच्छति ॥५६॥

સ્ત્રીના સેવનથી જે કામરૂપી જ્વરને મટાડવા ઇચ્છે છે, તે ઘીની આહુતિ વડે અગ્નિને બુઝવવા ઇચ્છે છે.

२/८२ वरं ज्वलदयस्तम्भ-परिरम्भो विधीयते ।
न पुनर्नरकद्वार-रामाजघनसेवनम् ॥५७॥

ધગધગતા થાંભલાને ભેટવું સારું, પણ નરકના દરવાજા સમાન સ્ત્રીનું સેવન સારું નહીં.

२/१०१ अकलङ्कमनोवृत्तेः, परस्त्रीसन्निधावपि ।
सुदर्शनस्य किं ब्रूमः, सुदर्शनसमुन्नतेः ? ॥५८॥

પરસ્ત્રીના સાંનિધ્યમાં પણ નિષ્કલંક મનોવૃત્તિવાળા સુદર્શનની શાસનપ્રભાવના માટે શું કહીએ ?

२/१०४ प्राणभूतं चरित्रस्य, परब्रह्मैककारणम् ।
समाचरन् ब्रह्मचर्यं, पूजितैरपि पूज्यते ॥५९॥

ચારિત્રના પ્રાણભૂત, મોક્ષના એકમાત્ર કારણ બ્રહ્મચર્યને પાળનાર વ્યક્તિ, લોકોમાં પૂજ્ય એવા રાજા વગેરેથી પણ પૂજાય છે.

२/१०५ चिरायुषः सुसंस्थाना, दृढसंहनना नराः ।
तेजस्विनो महावीर्या, भवेयुर्ब्रह्मचर्यतः ॥६०॥

માણસો બ્રહ્મચર્યથી દીર્ઘાયુ, સુરૂપ, દઢ સંઘયણી, તેજસ્વી અને મહાબળવાન્ બને છે.

~~ અપરિગ્રહ ~~

૨/૧૦૭ परिग्रहमहत्त्वाद्धि, मज्जत्येव भवाम्बुधौ ।
महापोत इव प्राणी, त्यजेत् तस्मात् परिग्रहम् ।।६१।।

પરિગ્રહના ભારથી જીવ સંસારરૂપી સમુદ્રમાં ભારે વહાણની જેમ ડૂબી જાય છે. માટે પરિગ્રહ તજવો.

૨/૧૧૪ असन्तोषवतः सौख्यं, न शक्रस्य न चक्रिणः ।
जन्तोः सन्तोषभाजो यद्, अभयस्येव जायते ।।६२।।

સંતોષી જીવને અભયકુમારની જેમ જે સુખ મળે છે, તે અસંતોષી ચક્રવર્તી કે ઈન્દ્રને પણ મળતું નથી.

~~ કષાયજય ~~

૪/૫ अयमात्मैव संसारः, कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं, मोक्षमाहुः मनीषिणः ।।६३।।

કષાય અને ઈન્દ્રિયથી જીતાયેલ આત્મા જ સંસાર છે અને તેને જીતનાર તે આત્માને જ પંડિતો મોક્ષ કહે છે.

૪/૯ तत्रोपतापकः क्रोधः, क्रोधो वैरस्य कारणम् ।
दुर्गतेः वर्तनी क्रोधः, क्रोधः शमसुखार्गला ।।६४।।

ક્રોધ પીડા ઉપજાવનાર છે, વૈરનું કારણ છે, દુર્ગતિનો માર્ગ છે, શમસુખને અટકાવનાર છે.

૪/૧૦ उत्पद्यमानः प्रथमं, दहत्येव स्वमाश्रयम् ।
क्रोधः कृशानुवत् पश्चाद्, अन्यं दहति वा न वा ॥६५॥

ઉત્પન્ન થઈ રહેલો ક્રોધ અગ્નિની જેમ પહેલા પોતાના આશ્રયને બાળે છે, પછી બીજાને બાળે પણ કે ન પણ બાળે.

૪/૧૧ क्रोधवह्नेस्तदह्नाय, शमनाय शुभात्मभिः ।
श्रयणीया क्षमैकैव, संयमारामसारणिः ॥६६॥

માટે, ક્રોધરૂપ અગ્નિનું જલદી શમન કરવા સજ્જનોએ સંયમરૂપ બગીચા માટે નીક સમાન એકમાત્ર ક્ષમા જ ધારણ કરવી.

૪/૧૨ विनयश्रुतशीलानां, त्रिवर्गस्य च घातकः ।
विवेकलोचनं लुम्पन्, मानोऽन्धङ्करणो नृणाम् ॥६७॥

વિનય, શ્રુત, શીલ અને ત્રિવર્ગ(ધર્મ - અર્થ - કામ)નો ઘાતક માન, માણસોની વિવેકરૂપ આંખનો નાશ કરીને તેને આંધળો કરનાર છે.

૪/૧૩ जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतैः ।
कुर्वन् मदं पुनस्तानि, हीनानि लभते जनः ॥६८॥

જાતિ, લાભ, કુલ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુતથી મદ કરનાર માણસને તે જાતિ વગેરે હીનકક્ષાના જ મળે છે.

४/१४ उत्सर्पयन् दोषशाखा, गुणमूलान्यधो नयन् ।
उन्मूलनीयो मानद्रुः, तन्मार्दवसरित्प्लवैः ॥६९॥

માટે, દોષરૂપ ડાળીઓને ઊંચે ચડાવનાર અને ગુણરૂપ મૂળોને દાટી દેનાર માનરૂપ વૃક્ષને નમ્રતારૂપ નદીના પ્રવાહ વડે ઊખેડી નાંખવું.

४/१५ असूनृतस्य जननी, परशुः शीलशाखिनः ।
जन्मभूमिरविद्यानां, माया दुर्गतिकारणम् ॥७०॥

માયા એ જૂઠને જન્મ આપનાર, શીલવૃક્ષ માટે કુહાડી, અવિદ્યા(મિથ્યાત્વ)ની જન્મભૂમિ અને દુર્ગતિનું કારણ છે.

४/१७ तदार्जवमहौषध्या, जगदानन्दहेतुना ।
जयेज्जगद्द्रोहकरीं, मायां विषधरीमिव ॥७१॥

જગત આખાને છેતરનાર માયારૂપ નાગણને, જગત આખાને આનંદદાયક સરળતારૂપ જડીબુટ્ટીથી જીતવી.

४/१८ आकरः सर्वदोषाणां, गुणग्रसनराक्षसः ।
कन्दो व्यसनवल्लीनां, लोभः सर्वार्थबाधकः ॥७२॥

લોભ એ સર્વ દોષોની ખાણ, ગુણોને ખાઈ જનાર રાક્ષસ, આપત્તિરૂપ વેલડીઓનું મૂળ અને સર્વ કાર્યોમાં વિઘ્નરૂપ છે.

૪/૨૨ लोभसागरमुद्वेलम्, अतिवेलं महामतिः ।
सन्तोषसेतुबन्धेन, प्रसरन्तं निवारयेत् ॥७३॥

બુદ્ધિમાન્ જીવે સંતોષરૂપી પાળી બાંધીને ઉછળતાં લોભરૂપ સાગરની ભરતીને વધતી અટકાવવી.

~ ઈન્દ્રિયજય ~

૪/૨૪ विनेन्द्रियजयं नैव, कषायाञ्जेतुमीश्वरः ।
हन्यते हैमनं जाड्यं, न विना ज्वलितानलम् ॥७४॥

ઈન્દ્રિય પર વિજય વિના કષાય જીતવા કોઈ સમર્થ નથી. સળગતા અગ્નિ વિના સુવર્ણની કઠોરતા (અથવા મેલ) દૂર થતી નથી. (સુવર્ણ પીગળતું નથી.)

૪/૨૫ अदान्तैरिन्द्रियहयैः, चलैरपथगामिभिः ।
आकृष्य नरकारण्ये, जन्तुः सपदि नीयते ॥७५॥

નિરંકુશ, ચંચળ અને ઉન્માર્ગગામી એવા ઈન્દ્રિયરૂપ ઘોડાઓ જીવને ખેંચીને શીઘ્ર નરકરૂપી જંગલમાં લઈ જાય છે.

૪/૨૮ वशास्पर्शसुखास्वाद-प्रसारितकरः करी ।
आलानबन्धनक्लेशम्, आसादयति तत्क्षणात् ॥७६॥

હાથણીના સ્પર્શસુખનો આનંદ લેવા સૂંઢ લંબાવનાર હાથી તરત જ આલાનસ્તંભ સાથે બંધાઈ જવાનું દુઃખ પામે છે.

૪/૨૯ पयस्यगाधे विचरन्, गिलन् गलगतामिषम् ।
मैनिकस्य करे दीनो, मीनः पतति निश्चितम् ॥७७॥

ઊંડા પાણીમાં વિચરતું માછલું પણ ગલમાં રહેલ માંસને ખાવા જતાં માછીમારના હાથમાં સપડાઈ જાય છે.

૪/૩૦ निपतन् मत्तमातङ्ग-कपोले गन्धलोलुपः ।
कर्णतालतलाघाताद्, मृत्युमाप्नोति षट्पदः ॥७८॥

સુગંધનો લોલુપ ભમરો, મદમસ્ત હાથીના કપાળ (ગંડસ્થળ) પર પડતાં જ તેનો કાન અથડાવાથી મૃત્યુ પામે છે.

૪/૩૧ कनकच्छेदसङ्काश-शिखाऽऽलोकविमोहितः ।
रभसेन पतन् दीपे, शलभो लभते मृतिम् ॥७९॥

સુવર્ણ જેવી તેજસ્વી જ્યોતિના પ્રકાશમાં આકર્ષાયેલ પતંગિયું, ઝડપથી દીવામાં પડતાં મૃત્યુ પામે છે.

૪/૩૨ हरिणो हारिणीं गीतिम्, आकर्णयितुमुद्धुरः ।
आकर्णाकृष्टचापस्य, याति व्याधस्य वेध्यताम् ॥८०॥

મનોહર ગાયન સાંભળવામાં એકાગ્ર બનેલું હરણ, બાણ ખેંચીને ઊભેલા શિકારીનો શિકાર બને છે.

૪/૩૩ एवं विषय एकैकः, पञ्चत्वाय निषेवितः ।
कथं हि युगपत् पञ्च, पञ्चत्वाय भवन्ति न ? ॥८१॥

એ પ્રમાણે સેવાયેલ એક એક વિષય પણ મૃત્યુ માટે થાય છે. તો પાંચે સાથે મળીને મૃત્યુ માટે કેમ ન થાય ?

~~ મનોનિગ્રહ ~~

૪/૩૭ अनिरुद्धमनस्कः सन्, योगश्रद्धां दधाति यः ।
पद्भ्यां जिगमिषुः ग्रामं, स पङ्गुरिव हस्यते ॥८२॥

મનનો નિરોધ કર્યા વિના જે (પોતે જે કરે છે તે) 'યોગ છે' એવી શ્રદ્ધા=અભિમાન કરે છે, તે ચાલીને બીજા ગામે જવા ઇચ્છતા લંગડાની જેમ હાંસીપાત્ર બને છે.

૪/૪૧ सत्यां हि मनसः शुद्धौ, सन्त्यसन्तोऽपि यद् गुणाः ।
सन्तोऽप्यसत्यां नो सन्ति, सैव कार्या बुधैस्ततः ॥८३॥

મનની શુદ્ધિ હોય તો અવિદ્યમાન ગુણો પણ આવી જાય છે. અને તે શુદ્ધિ ન હોય તો વિદ્યમાન ગુણો પણ નાશ પામે છે. (અથવા પોતાનું ફળ આપી શકતા ન હોવાથી ન હોવારૂપ છે.) એટલે પંડિતોએ મનની શુદ્ધિ જ કરવી જોઈએ.

૪/૪૨ मनःशुद्धिमबिभ्राणा,
ये तपस्यन्ति मुक्तये ।
त्यक्त्वा नावं भुजाभ्यां ते,
तितीर्षन्ति महाऽर्णवम् ॥८४॥

જે મનશુદ્ધિ વિના મોક્ષ માટે તપ કરે છે, તે નાવ છોડીને હાથથી મહાસાગર તરવા ઇચ્છે છે.

૪/૪૩ तपस्विनो मनःशुद्धि-विनाभूतस्य सर्वथा ।
ध्यानं खलु मुधा चक्षुर्विकलस्येव दर्पणः ॥८५॥

મનશુદ્ધિ વિનાના તપસ્વીનું ધ્યાન આંધળાને અરીસા જેવું નકામું છે.

૪/૫૧ प्रणिहन्ति क्षणार्धेन, साम्यमालम्ब्य कर्म तत् ।
यन्न हन्यात् नरस्तीव्र-तपसा जन्मकोटिभिः ॥८६॥

જીવ સમતાના આશ્રયથી અડધી જ ક્ષણમાં તેટલા કર્મનો નાશ કરે છે, જેટલા કર્મનો તીવ્ર તપથી કરોડો ભવે પણ નાશ થતો નથી.

~~ ભાવના ~~

૪/૫૭ यत् प्रातः तन्न मध्याह्ने, यन्मध्याह्ने न तन्निशि ।
निरीक्ष्यते भवेऽस्मिन् ही, पदार्थानामनित्यता ॥८७॥

જે સવારે છે, તે બપોરે નથી હોતું; જે બપોરે છે, તે રાત્રે નથી હોતું. આ સંસારમાં પદાર્થોની અનિત્યતા જ દેખાય છે.

૪/૫૯ कल्लोलचपला लक्ष्मीः, सङ्गमाः स्वप्नसंनिभाः ।
वात्याव्यतिकरोत्क्षिप्त-तूलतुल्यं च यौवनम् ॥८८॥

લક્ષ્મી (દરિયાનાં) મોજાં જેવી ચપળ છે. વસ્તુના સંબંધો સ્વપ્ન જેવા (ક્ષણિક) છે. યૌવન પવનથી ઊડતા રૂ જેવું છે.

૪/૬૧ इन्द्रोपेन्द्रादयोऽप्येते, यन्मृत्योर्यान्ति गोचरम् ।
अहो ! तदन्तकातङ्के, कः शरण्यः शरीरिणाम् ? ॥८९॥

ઇન્દ્ર, ઉપેન્દ્ર (વાસુદેવ) વગેરે પણ જે મરણને શરણ થાય છે, તે મરણનું આક્રમણ થાય, ત્યારે અહો ! જીવને કોણ શરણરૂપ છે ?

૪/૬૨ पितुर्मातुः स्वसुर्भ्रातुः, तनयानां च पश्यताम् ।
अत्राणो नीयते जन्तुः, कर्मभिर्यमसद्मनि ॥९०॥

પિતા, માતા, બહેન, ભાઈ અને પુત્રોના દેખતાં જ કર્મ અશરણ જીવને યમલોકમાં લઈ જાય છે.

૪/૬૩ शोचन्ति स्वजनानन्तं, नीयमानान् स्वकर्मभिः ।
नेष्यमाणं तु शोचन्ति, नात्मानं मूढबुद्धयः ॥९१॥

મૂઢ જીવો પોતપોતાના કર્મ વડે મૃત્યુ તરફ લઈ જવાતા સ્વજનોનો શોક કરે છે, પણ ભવિષ્યમાં (મૃત્યુ તરફ) લઈ જવાનારા પોતાના આત્માનો વિચાર કરતાં નથી.

૪/૬૪ संसारे दुःखदावाग्नि-ज्वलज्ज्वालाकरालिते ।
वने मृगार्भकस्येव, शरणं नास्ति देहिनः ॥९२॥

દુઃખરૂપી દાવાનળની સળગતી જ્વાળાઓથી ભયંકર એવા સંસારમાં, જંગલમાં રહેલા હરણના બચ્ચાંની જેમ જીવને કોઈ શરણરૂપ નથી.

૪/૬૫ श्रोत्रियः श्वपचः स्वामी, पत्तिः ब्रह्मा कृमिश्च सः ।
संसारनाट्ये नटवत्, संसारी हन्त ! चेष्टते ॥९३॥

અરે ! આ સંસારરૂપી નાટકમાં સંસારી જીવ નટ (અભિનેતા)ની જેમ કામ કરે છે અને શ્રોત્રિય બ્રાહ્મણ, ચંડાળ, સ્વામી, નોકર, બ્રહ્મા (મોટા શરીરવાળો) અને કીડો બને છે.

૪/૬૭ समस्तलोकाकाशेऽपि, नानारूपैः स्वकर्मतः ।
वालाग्रमपि तन्नास्ति, यन्न स्पृष्टं शरीरिभिः ॥९४॥

આખા લોકાકાશમાં વાળના અગ્રભાગ જેટલી પણ એવી જગ્યા નથી કે જીવે પોતાના કર્મને વશ થઈને જુદા જુદા રૂપે સ્પર્શી ન હોય.

૪/૬૮ एक उत्पद्यते जन्तुः एक एव विपद्यते ।
कर्माण्यनुभवत्येकः, प्रचितानि भवान्तरे ॥९५॥

જીવ એકલો જન્મે છે, એકલો જ મરે છે. પૂર્વભવોમાં ભેગા કરેલા કર્મોને એકલો જ ભોગવે છે.

૪/૬૯ अन्यैस्तेनार्जितं वित्तं, भूयः संभूय भुज्यते ।
स त्वेको नरकक्रोडे, क्लिश्यते निजकर्मभिः ॥९६॥

જીવે કમાયેલું ધન, બીજા બધા ભેગા મળીને વારંવાર ભોગવે છે. નરકમાં તો જીવ એકલો જ પોતાના કર્મથી આવતા દુઃખ ભોગવે છે.

૪/૭૦ यत्रान्यत्वं शरीरस्य, वैसदृश्यात् शरीरिणः ।
धनबन्धुसहायानां, तत्रान्यत्वं न दुर्वचम् ॥९७॥

જો જીવથી તદ્દન જુદા પ્રકારનું હોવાથી શરીર પણ ભિન્ન છે, તો સંપત્તિ, સ્વજનો અને મિત્રોનું ભિન્નત્વ તો સ્પષ્ટ જ છે.

૪/૭૨ रसासृग्मांसमेदोऽस्थि-मज्जाशुक्रान्त्रवर्चसाम् ।
अशुचीनां पदं कायः, शुचित्वं तस्य तत् कुतः ? ॥९८॥

શરીર એ રસ, લોહી, માંસ, ચરબી, હાડકાં, સ્નાયુ, વીર્ય, આંતરડા અને વિષ્ઠા રૂપ અશુચિઓનું સ્થાન છે. તો પછી તે શુચિ શી રીતે હોય ?

૪/૭૩ नवस्रोतःस्रवद्विस्र-रसनिःस्यन्दपिच्छिले ।
देहेऽपि शौचसङ्कल्पो, महन्मोहविजृम्भितम् ॥९९॥

નવ છિદ્રોમાંથી સતત વહેતાં દુર્ગંધી રસનાં ઝરણાંથી ગંદા એવા શરીરમાં પણ શૌચનો વિચાર એ મહામોહનો જ ખેલ છે.

૪/૮૮ सदोषमपि दीप्तेन, सुवर्णं वह्निना यथा ।
तपोऽग्निना तप्यमानः, तथा जीवो विशुध्यति ॥१००॥

મેલવાળું પણ સોનું જેમ સળગતા અગ્નિથી શુદ્ધ થાય છે, તેમ તપરૂપ અગ્નિથી તપાતો જીવ શુદ્ધ થાય છે.

૪/૯૪ धर्मप्रभावतः कल्प-द्रुमाद्या ददतीप्सितम् ।
गोचरेऽपि न ते यत्स्युः, अधर्माधिष्ठितात्मनाम् ॥१०१॥

કલ્પવૃક્ષ વગેરે પણ ધર્મના પ્રભાવથી જ ઇચ્છિત ફળને આપે છે. કારણકે અધર્મીઓને તો તે કલ્પવૃક્ષ વગેરે મળતાં પણ નથી.

૪/૯૫ अपारे व्यसनाम्भोधौ, पतन्तं पाति देहिनम् ।
सदा सविधवर्त्येक-बन्धुर्धर्मोऽतिवत्सलः ॥१०२॥

દુઃખના અપાર સાગરમાં પડતા જીવને સદાના સાથી અને અત્યંત સ્નેહાળ એવા એકમાત્ર મિત્ર જેવો ધર્મ જ બચાવે છે.

૪/૧૦૦ अबन्धूनामसौ बन्धुः, असखीनामसौ सखा ।
अनाथानामसौ नाथो, धर्मो विश्वैकवत्सलः ॥१०३॥

સર્વ જીવો પર વાત્સલ્યવાળો ધર્મ જ, સ્વજનો વગરનાનો સ્વજન, મિત્રો વગરનાનો મિત્ર અને અનાથોનો નાથ છે.

૪/૧૦૧ रक्षोयक्षोरगव्याघ्र-व्यालानलगरादयः ।
नापकर्तुमलं तेषां, यैर्धर्मः शरणं श्रितः ॥१०४॥

જેમણે ધર્મનું શરણ લીધું છે, તેમને રાક્ષસ, યક્ષ, સર્પ, વાઘ, વરુ, અગ્નિ, ઝેર વગેરે પણ નુકસાન કરી શકતા નથી.

૪/૧૧૮ मा कार्षीत् कोऽपि पापानि,
मा च भूत् कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा,
मतिर्मैत्री निगद्यते ॥१०५॥

'કોઈ પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ, આ આખું જગત મુક્ત થાઓ.' આવી બુદ્ધિ મૈત્રી કહેવાય છે.

૪/૧૧૯ अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्तितः ॥१०६॥

જેમના સર્વ દોષો નાશ પામ્યા છે અને વસ્તુતત્ત્વને જે જાણનારા છે, તેમના ગુણો પર જે પક્ષપાત, તે પ્રમોદ કહેવાયેલ છે.

૪/૧૨૦ दीनेष्वार्त्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतीकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते ॥१०७॥

દીન, પીડિત, ભયભીત અને જિંદગીની ભીખ માંગનારાના દુઃખ દૂર કરવાની બુદ્ધિ કરુણા કહેવાય છે.

૪/૧૨૧ क्रूरकर्मसु निःशङ्कं, देवतागुरुनिन्दिषु ।
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितम् ॥१०८॥

નિષ્ઠુરપણે ક્રૂર કાર્યો કરનાર, દેવ-ગુરુની નિંદા અને પોતાની પ્રશંસા કરનારાની જે ઉપેક્ષા, તે માધ્યસ્થ્ય કહેવાય છે.

# યોગસારાદિ

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

પૂર્વાચાર્ય

| | | |
|---|---|---|
| **ગ્રંથ** | : | યોગસારાદિ સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : | યોગસાર, દેહાત્મભેદ પ્રકરણ,<br>હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા |
| **આધારગ્રંથકર્તા** | : | પૂર્વાચાર્ય |
| **અનુવાદ આધાર** | : | અમૃતલાલ કાલિદાસ દોશી સંપાદિત<br>અનુવાદ |
| **અર્થસંકલન** | : | પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : | દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય<br>ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન પ.<br>પૂ. આ. ભ. શ્રી વિજય રશ્મિરત્નસૂરીશ્વરજી<br>મ. સા. ના પ્રશિષ્ય...<br>પ. પૂ. મુ. શ્રી હિતાર્થરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : | સંસ્કૃત, ગુજરાતી |
| **વિષય** | : | યોગ, સમતા |

## योगसारः

१/१ प्रणम्य परमात्मानं, रागद्वेषविवर्जितम् ।
योगसारं प्रवक्ष्यामि, गम्भीरार्थं समासतः ॥१॥

રાગ-દ્વેષ રહિત પરમાત્માને નમસ્કાર કરીને ગંભીર અર્થવાળા યોગસારને ટૂંકમાં કહું છું.

~~ આજ્ઞા ~~

१/२१ कृतकृत्योऽयमाराध्यः, स्यादाज्ञापालनात् पुनः ।
आज्ञा तु निर्मलं चित्तं, कर्तव्यं स्फटिकोपमम् ॥२॥

આ કૃતકૃત્ય એવા પરમાત્મા, આજ્ઞાના પાલનથી આરાધાય છે. અને આજ્ઞા, ચિત્તને સ્ફટિક જેવું નિર્મળ કરવાની જ છે.

१/२ ज्ञानदर्शनशीलानि, पोषणीयानि सर्वदा ।
रागद्वेषादयो दोषा, हन्तव्याश्च क्षणे क्षणे ॥३॥

“જ્ઞાન-દર્શન-ચારિત્રને સદા પુષ્ટ કરવા. રાગ-દ્વેષ વગેરે દોષોનો પ્રત્યેક ક્ષણે નાશ કરવો”...

१/२३ एतावत्येव तस्याज्ञा, कर्मद्रुमकुठारिका ।
समस्तद्वादशाङ्गार्थ-सारभूताऽतिदुर्लभा ॥४॥

એટલી જ કર્મરૂપી વૃક્ષ માટે કુહાડી જેવી, સમસ્ત દ્વાદશાંગીના સારભૂત, અતિદુર્લભ એવી તેમની આજ્ઞા છે.

१/२७ सर्वजन्तुहिताऽऽज्ञैवाज्ञैव मोक्षैकपद्धतिः ।
चरिताज्ञैव चारित्रं, आज्ञैव भवभञ्जनी ॥५॥

આજ્ઞા જ સર્વ જીવોનું હિત કરનાર છે. આજ્ઞા જ મોક્ષનો એકમાત્ર માર્ગ છે. આજ્ઞાનું આચરણ જ ચારિત્ર છે. આજ્ઞા જ સંસારનો નાશ કરનાર છે.

१/३४ येनाज्ञा यावदाराद्धा, स तावल्लभते सुखम् ।
यावद् विराधिता येन, तावद् दुःखं लभेत सः ॥६॥

જે જેટલી આજ્ઞા પાળે, તે તેટલું સુખ મેળવે. જે જેટલી આજ્ઞા ભાંગે, તે તેટલું દુઃખ મેળવે.

१/४२ वीतरागं यतो ध्यायन्, वीतरागो भवेद् भवी ।
इलिका भ्रमरी भीता, ध्यायन्ती भ्रमरीं यथा ॥७॥

વીતરાગનું ધ્યાન કરનાર જીવ, વીતરાગ બને. જેમ ડરેલી ઈયળ ભમરીનું ધ્યાન કરતાં ભમરી બને.

१/४३ रागादिदूषितं ध्यायन्, रागादिविवशो भवेत् ।
कामुकः कामिनीं ध्यायन्, यथा कामैकविह्वलः ॥८॥

રાગાદિથી દૂષિત(દેવ)નું ધ્યાન કરનાર રાગને વશ થાય. જેમ સ્ત્રીનું ધ્યાન કરનાર કામી, કામવાસનાથી વિહ્વળ થાય.

~~ મૈત્ર્યાદિ ભાવના ~~

२/५ परे हितमतिर्मैत्री, मुदिता गुणमोदनम् ।
उपेक्षा दोषमाध्यस्थ्यं, करुणा दुःखमोक्षधीः ॥९॥

બીજાના હિતની બુદ્ધિ તે મૈત્રી. ગુણમાં આનંદ તે મુદિતા. દોષમાં માધ્યસ્થ્ય તે ઉપેક્ષા. દુઃખથી મુક્ત કરવાની બુદ્ધિ તે કરુણા.

૨/૬ मैत्री निखिलसत्त्वेषु, प्रमोदो गुणशालिषु ।
माध्यस्थ्यमविनेयेषु, करुणा दुःखिदेहिषु ॥१०॥

મૈત્રી સર્વ જીવો પર, પ્રમોદ ગુણવાન્ પર, માધ્યસ્થ્ય અવિનયી પર અને કરુણા દુઃખી જીવો પર કરવાની છે.

૨/૭ धर्मकल्पद्रुमस्यैता, मूलं मैत्र्यादिभावनाः ।
यैर्न ज्ञाता न चाभ्यस्ताः, स तेषामतिदुर्लभः ॥११॥

આ મૈત્રી વગેરે ભાવનાઓ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ છે. જેમણે તે જાણી નથી કે તેનો અભ્યાસ કર્યો નથી, તેમને ધર્મ અતિદુર્લભ છે.

~~ સ્વદોષદર્શન ~~

૨/૮ अहो ! विचित्रं मोहान्ध्यं, तदन्धैरिह यज्जनैः ।
दोषा असन्तोऽपीक्ष्यन्ते, परे सन्तोऽपि नात्मनि ॥१२॥

અહો ! આ મોહનો અંધાપો કેવો વિચિત્ર છે ? કે તેનાથી આંધળા બનેલા લોકો બીજામાં નહીં રહેલા દોષોને પણ જુએ છે અને પોતાનામાં રહેલા દોષોને પણ જોતા નથી !

૨/૧૧ यथाऽऽहतानि भाण्डानि, विनश्यन्ति परस्परम् ।
तथा मत्सरिणोऽन्योऽन्यं, ही दोषग्रहणाद् हताः ॥१३॥

જેમ પરસ્પર ટકરાયેલા વાસણો ફૂટી જાય છે તેમ ઈર્ષ્યાળુઓ એકબીજાના દોષ જોવાથી જ નાશ પામે છે.

२/१२ परं पतन्तं पश्यन्ति, न तु स्वं मोहमोहिताः ।
कुर्वन्तः परदोषाणां, ग्रहणं भवकारणम् ॥१४॥

મોહગ્રસ્ત જીવ બીજાને પડતો જુએ છે, પણ સંસારના કારણરૂપ બીજાના દોષનું દર્શન કરવાથી થતું પોતાનું પતન જોતો નથી.

२/१३ यथा परस्य पश्यन्ति, दोषान् यद्यात्मनस्तथा ।
सैवाजरामरत्वाय, रससिद्धिस्तदा नृणाम् ॥१५॥

જેમ બીજાના દોષ જુએ છે, તેમ જો પોતાના જુએ તો તે (સ્વદોષદર્શન) જ મનુષ્યો માટે અજરામરપણા (મોક્ષ) માટેનો રસ સિદ્ધ થઈ જાય.

२/३२ अणुमात्रा अपि गुणा, दृश्यन्ते स्वधियाऽऽत्मनि ।
दोषास्तु पर्वतस्थूला, अपि नैव कथञ्चन ॥१६॥

પોતાની બુદ્ધિથી પોતાનામાં રહેલા નાના ગુણો પણ દેખાય છે, પણ પર્વત જેવા મોટા દોષો કોઈ રીતે દેખાતા નથી.

~~ સમતા ~~

२/१४ रागद्वेषविनाभूतं, साम्यं तत्त्वं यदुच्यते ।
स्वशंसिनां क्व तत् तेषां, परदूषणदायिनाम् ? ॥१७॥

રાગ-દ્વેષ વિનાનું જે સામ્ય તત્ત્વ છે, તે પોતાની પ્રશંસા કરનારા, બીજાના દોષ જોનારા એવા તેઓને ક્યાંથી હોય ?

૨/૧૫ मानेऽपमाने निन्दायां, स्तुतौ वा लोष्ठुकाञ्चने ।
जीविते मरणे लाभालाभे रङ्के महर्द्धिके ॥१८॥

માન કે અપમાન, નિંદા કે પ્રશંસા, પથ્થર કે સોનું, જીવન કે મરણ, લાભ કે અલાભ, રંક કે રાય...

૨/૧૬ शत्रौ मित्रे सुखे दुःखे, हृषीकार्थे शुभाशुभे ।
सर्वत्रापि यदेकत्वं, तत्त्वं तद् भेद्यतां परम् ॥१९॥

શત્રુ કે મિત્ર, સુખ કે દુઃખ, શુભ કે અશુભ ઇન્દ્રિયનો વિષય, બધાને જે સમાન - એક માને તે જ તત્ત્વ છે. તે તત્ત્વ બીજાનો(અર્થાત્ બેમાં ભિન્નતા માનવાનો) નાશ કરો.

૩/૨૧ वृक्षस्य च्छेद्यमानस्य, भूष्यमाणस्य वाजिनः ।
यथा न रोषस्तोषश्च, भवेद् योगी समस्तथा ॥२०॥

કપાતાં વૃક્ષ કે શણગારાતા ઘોડાને જેમ ગુસ્સો કે આનંદ હોતા નથી; તેમ યોગી પણ સમભાવવાળો થાય.

૨/૧૮ क्रियते दधिसाराय, दधिमन्थो यथा किल ।
तथैव साम्यसाराय, योगाभ्यासो यमादिकः ॥२१॥

જેમ માખણ માટે જ દહીં વલોવાય છે, તેમ યમ-નિયમ વગેરે યોગનો અભ્યાસ સમતારૂપી સારને પ્રાપ્ત કરવા માટે જ છે.

२/१९ अद्य कल्येऽपि कैवल्यं, साम्येनानेन नान्यथा ।
प्रमादः क्षणमप्यत्र, ततः कर्तुं न साम्प्रतम् ॥२२॥

આજે કે કાલે આ સમતાથી જ કેવળજ્ઞાન થશે, તેના વિના નહીં. એટલે એમાં ક્ષણમાત્ર પણ પ્રમાદ કરવો ઉચિત નથી.

२/३८ साम्यं समस्तधर्माणां, सारं ज्ञात्वा ततो बुधाः ।
बाह्यं दृष्टिग्रहं मुक्त्वा, चित्तं कुरुत निर्मलम् ॥२३॥

હે પંડિતો ! સામ્યને સમસ્ત ધર્મોના સારરૂપે જાણીને બાહ્ય આગ્રહને છોડીને ચિત્તને નિર્મળ કરો.

३/१६ साम्यं मानसभावेषु, साम्यं वचनवीचिषु ।
साम्यं कायिकचेष्टासु, साम्यं सर्वत्र सर्वदा ॥२४॥

મનના ભાવોમાં, વચનના પ્રવાહોમાં, શરીરની પ્રવૃત્તિમાં - સર્વત્ર - સર્વદા સામ્યને ધારણ કરો.

२/२८ तथा चिन्त्यं तथा वाच्यं, चेष्टितव्यं तथा तथा ।
मलीमसं मनोऽत्यर्थं, यथा निर्मलतां व्रजेत् ॥२५॥

તે રીતે વિચારવું, બોલવું કે કરવું કે જેનાથી મલિન મન અત્યંત નિર્મળતાને પામે.

२/३० सुकरं मलधारित्वं, सुकरं दुस्तपः तपः ।
सुकरोऽक्षनिरोधश्च, दुष्करं चित्तशोधनम् ॥२६॥

મલ ધારણ કરવો, દુષ્કર તપ કરવો, ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો સહેલો છે; પણ ચિત્તને શુદ્ધ કરવું જ દુષ્કર છે.

३/२३ यथा गुडादिदानेन, यत्किञ्चित् त्याज्यते शिशुः ।
चलं चित्तं शुभध्यानेनाशुभं त्याज्यते तथा ॥२७॥

જેમ બાળકને ગોળ આપીને નુકસાનકારક વસ્તુ છોડાવાય; તેમ ચંચળ ચિત્તને શુભ ધ્યાન વડે અશુભ ધ્યાન છોડાવાય.

३/१७ यदि त्वं साम्यसन्तुष्टो, विश्वं तुष्टं तदा तव ।
तल्लोकस्यानुवृत्त्या किं ?, स्वमेवैकं समं कुरु ॥२८॥

જો તું સમતાથી સંતુષ્ટ છે, તો આખું જગત તારા માટે સંતુષ્ટ છે. તો પછી લોકોને શા માટે ખુશ કરવા જાય છે ? પોતાની જાતને જ સમતાયુક્ત કર.

३/२६ तोषणीयो जगन्नाथः, तोषणीयश्च सद्गुरुः ।
तोषणीयस्तथा स्वात्मा, किमन्यैर्बत तोषितैः ? ॥२९॥

પરમાત્મા, સદ્‌ગુરુ અને પોતાનો આત્મા જ ખુશ કરવા યોગ્ય છે. બીજાને ખુશ કરવાથી શું ?

३/२७ कषायविषयाक्रान्तो, बहिर्बुद्धिरयं जनः ।
किं तेन रुष्टतुष्टेन ?, तोषरोषौ च तत्र किम् ? ॥३०॥

લોક તો વિષય-કષાયગ્રસ્ત, બાહ્યબુદ્ધિવાળો છે. તે ગુસ્સે થાય કે ખુશ થાય તેનાથી શું ? તેમના પર ગુસ્સો કે આનંદ પણ શા માટે ?

૩/૨૮ असदाचारिणः प्रायो, लोकाः कालानुभावतः ।
द्वेषस्तेषु न कर्तव्यः, संविभाव्य भवस्थितिम् ॥३१॥

કાળના પ્રભાવે લોકો પ્રાયઃ અસદાચારી છે. સંસારનો સ્વભાવ વિચારીને તેમના પર દ્વેષ ન કરવો.

૨/૨ दृष्टिरागो महामोहो, दृष्टिरागो महाभवः ।
दृष्टिरागो महामारो, दृष्टिरागो महाज्वरः ॥३२॥

દૃષ્ટિરાગ એ જ મહામોહ, દીર્ઘ સંસાર, મહામરકી અને જીવલેણ તાવ છે.

૩/૨ कषाया विषया दुःखम्, इति वेत्ति जनः स्फुटम् ।
तथाऽपि तन्मुखः कस्माद्, धावतीति न बुध्यते ॥३३॥

કષાય અને વિષય એ દુઃખ છે, એમ લોકો સ્પષ્ટ જાણે છે. છતાં તેની સામે કેમ દોડે છે ? તે સમજાતું નથી.

૩/૩ सर्वसङ्गपरित्यागः, सुखमित्यपि वेत्ति सः ।
संमुखोऽपि भवेत् किं न ?, तस्येत्यपि न बुध्यते ॥३४॥

સર્વ સંગનો ત્યાગ એ જ સુખ છે, એ પણ લોકો જાણે છે. છતાં તેને કેમ ઈચ્છતા નથી ? એ પણ સમજાતું નથી.

૩/૬ शब्दरूपरसस्पर्श-गन्धाश्च मृगतृष्णिका ।
दुःखयन्ति जनं सर्वं, सुखाभासविमोहितम् ॥३५॥

શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ રૂપી મૃગજળ, સુખના આભાસથી આકર્ષાયેલા લોકોને દુઃખી કરે છે.

૫/૪૩ दुःखकूपेऽत्र संसारे, सुखलेशभ्रमोऽपि यः ।
सोऽपि दुःखसहस्रेणानुविद्धोऽतः कुतः सुखम् ? ॥३६॥

દુઃખના કૂવારૂપ આ સંસારમાં જે થોડો પણ સુખનો ભ્રમ થાય છે, તે પણ હજારો દુઃખોથી મિશ્ર જ છે. તો સુખ ક્યાંથી હોય ?

३/७ नोपेन्द्रस्य न चेन्द्रस्य, तत् सुखं नैव चक्रिणः ।
साम्यामृतविनिर्मग्नो, योगी प्राप्नोति यत् सुखम् ॥३७॥

ઈન્દ્ર, ઉપેન્દ્ર (વિષ્ણુ) કે ચક્રવર્તીને તે સુખ નથી, જે સમતારૂપી અમૃતમાં ડૂબેલો યોગી પામે છે.

३/२६ प्रशान्तस्य निरीहस्य, सदाऽऽनन्दस्य योगिनः ।
इन्द्रादयोऽपि ते रङ्क-प्रायाः स्युः किमुतापरे ? ॥३८॥

પ્રશાંત, નિઃસ્પૃહ અને સદા આનંદવાળા એવા યોગીને ઈન્દ્ર વગેરે પણ બિચારા લાગે છે, બીજા બધાની તો શી વાત ?

४/२८ नार्थ्यते यावदैश्वर्यं, तावदायाति संमुखम् ।
यावदभ्यर्थ्यते तावत्, पुनर्याति पराङ्मुखम् ॥३९॥

જ્યાં સુધી ઐશ્વર્યને ઈચ્છાતું નથી, ત્યાં સુધી તે સામેથી આવે છે. જ્યારે તે ઈચ્છાય છે, ત્યારે દૂર જાય છે.

३/८ रागोऽभीष्टेषु सर्वेषु, द्वेषोऽनिष्टेषु वस्तुषु ।
क्रोधः कृतापराधेषु, मानः परपराभवे ॥४०॥

સર્વ ઈષ્ટ વસ્તુ પર રાગ, અનિષ્ટ પર દ્વેષ, અપરાધ કરનાર પર ક્રોધ, બીજાનો પરાભવ થવા પર અભિમાન...

३/९ लोभः परार्थसम्प्राप्तौ, माया च परवञ्चने ।
गते मृते तथा शोको, हर्षश्चागतजातयोः ॥४१॥

પૌદ્ગલિક પદાર્થ મળવામાં લોભ, બીજાને છેતરવામાં માયા, વિયોગ કે મૃત્યુ થવા પર શોક, સંયોગ કે જન્મ થવા પર આનંદ..

३/१० अरतिर्विषयग्रामे, याऽशुभे च शुभे रति ।
चौरादिभ्यो भयं चैव, कुत्सा कुत्सितवस्तुषु ॥४२॥

ઈન્દ્રિયના અશુભ વિષયોમાં અરતિ અને શુભમાં રતિ, ચોર વગેરેથી ભય, ખરાબ વસ્તુની જુગુપ્સા..

३/११ वेदोदयश्च सम्भोगे, व्यलीयेत मुनेर्यदा ।
अन्तःशुद्धिकरं साम्यामृतमुज्जृम्भते तदा ॥४३॥

વિજાતીયના સંયોગમાં વેદનો ઉદય.. આ બધું જ્યારે મુનિનું નાશ પામે ત્યારે અંતઃકરણને શુદ્ધ કરનાર સમતારૂપી અમૃત પ્રગટ થાય છે.

३/१३ दुर्विजेया दुरुच्छेद्या, एतेऽभ्यन्तरवैरिणः ।
उत्तिष्ठमाना एवातो, रक्षणीयाः प्रयत्नतः ॥४४॥

આ અભ્યંતર શત્રુઓ દુર્જેય અને દુઃખે નાશ કરી શકાય એવા છે. એટલે તેને પ્રયત્નપૂર્વક ઊગતાં જ ડામી દેવા.

३/१४ यद्यात्मा निर्जितोऽमीभिः, ततो दुःखागमो महान् ।
यद्यात्मना जिता एते, महान् सौख्यागमस्तदा ॥४५॥

જો એ બધા વડે આત્મા જીતાઈ ગયો, તો ઘણું દુઃખ આવશે. જો આત્માએ તેને જીતી લીધા તો ઘણું સુખ મળશે.

५/१६ संसारसरणिर्लोभो, लोभः शिवपथाचलः ।
सर्वदुःखखनिर्लोभो, लोभो व्यसनमन्दिरम् ॥४६॥

લોભ એ સંસારની સીડી, મોક્ષના માર્ગ પર પર્વત, સર્વ દુઃખોની ખાણ અને સર્વ આપત્તિઓનું ઘર છે.

५/१७ शोकादीनां महाकन्दो, लोभो क्रोधानलानिलः ।
मायावल्लिसुधाकुल्या, मानमत्तेभवारुणी ॥४७॥

લોભ એ શોક વગેરેનું મૂળ, ક્રોધરૂપી અગ્નિ માટે પવન, માયા રૂપ વેલડી માટે અમૃતની નીક, માનરૂપી મત્ત હાથી માટે દારૂ છે.

५/१८ त्रिलोक्यामपि ये दोषाः, ते सर्वे लोभसम्भवाः ।
गुणास्तथैव ये केऽपि, ते सर्वे लोभवर्जनात् ॥४८॥

ત્રણે જગતમાં જે દોષ છે તે બધા લોભથી ઉત્પન્ન થાય છે અને જે ગુણ છે, તે લોભના ત્યાગથી જ પ્રાપ્ત થાય છે.

५/१९ नैरपेक्ष्यादनौत्सुक्यं, अनौत्सुक्याच्च सुस्थता ।
सुस्थता च परानन्दः, तदपेक्षां क्षयेन्मुनिः ॥४९॥

નિરપેક્ષપણાથી ઉત્સુકતાનો નાશ થાય અને તેનાથી સ્વસ્થતા આવે. તે સ્વસ્થતા જ ઉત્તમ સુખ છે. એટલે મુનિએ અપેક્ષાનો નાશ કરવો.

५/२० अधर्मो जिह्मता यावद्, धर्मः स्याद् यावदार्जवम् ।
अधर्मधर्मयोरेतद्, द्वयमादिमकारणम् ॥५०॥

જ્યાં સુધી વક્રતા છે, ત્યાં સુધી અધર્મ છે. જ્યાં સુધી સરળતા છે, ત્યાં સુધી ધર્મ છે. ધર્મ-અધર્મનાં આ બે પ્રથમ કારણ છે.

५/२१ सुखमार्जवशीलत्वं, सुखं नीचैश्च वर्तनम् ।
सुखमिन्द्रियसन्तोषः, सुखं सर्वत्र मैत्र्यकम् ॥५१॥

સરળતા, નમ્રતા, ઈન્દ્રિયના વિષયોમાં સંતોષ અને સર્વ જીવો પર મૈત્રી એ સુખ છે.

५/३९ सप्तधातुमये श्लेष्म-मूत्राद्यशुचिपूरिते ।
शरीरकेऽपि पापाय, कोऽयं शौचाग्रहस्तव ? ॥५२॥

સાત ધાતુમય, કફ-મળ-મૂત્ર વગેરે અશુચિથી ભરેલા શરીરમાં પાપ માટે થનાર એવો તારો સ્વચ્છતાનો આગ્રહ શો ?

५/३६ एको गर्भे स्थितो जात, एक एको विनङ्क्ष्यति ।
तथाऽपि मूढ ! पत्न्यादीन्, किं ममत्वेन पश्यसि ? ।।५३।।

એકલો ગર્ભમાં રહ્યો, એકલો જન્મ્યો, એકલો જ મરીશ; તો પણ હે મૂઢ ! પત્ની વગેરેને પોતાના કેમ માને છે ?

५/३७ पापं कृत्वा स्वतो भिन्नं, कुटुम्बं पोषितं त्वया ।
दुःखं सहिष्यते स्वेन, भ्रान्तोऽसि हा ! महाऽन्तरे ।।५४।।

પાપ કરીને પોતાનાથી જુદા એવા કુટુંબને તેં પોષ્યું. દુઃખ તો એકલો જ સહન કરીશ. અરે ! મહાભ્રમમાં ફસાયો છે.

५/१० औचित्यं ये विजानन्ति, सर्वकार्येषु सिद्धिदम् ।
सर्वप्रियङ्करा ये च, ते नरा विरला जने ।।५५।।

જે સર્વ કાર્યમાં સિદ્ધિ આપનાર ઔચિત્યને જાણતા હોય અને સહુને પ્રિય કરનારા હોય તેવા માણસો વિરલ છે.

५/११ औचित्यं परमो बन्धुः, औचित्यं परमं सुखम् ।
धर्मादिमूलमौचित्यं, औचित्यं जनमान्यता ।।५६।।

ઔચિત્ય જ શ્રેષ્ઠ મિત્ર, શ્રેષ્ઠ સુખ, ધર્મનું મૂળ અને લોકપ્રિયતા છે.

५/१२ कर्मबन्धदृढश्लेषं, सर्वस्याप्रीतिकं सदा ।
धर्मार्थिना न कर्तव्यं, वीरेण जटिनि यथा ।।५७।।

ગાઢ કર્મબંધ કરાવનાર એવું, સહુને અપ્રીતિકર કાર્ય ધર્માર્થીએ ક્યારેય કરવું નહીં. જેમ પ્રભુ વીરે તાપસોને અપ્રીતિ થવાથી વિહાર કર્યો.

૫/૮ मुनिना मसृणं शान्तं, प्राञ्जलं मधुरं मृदु ।
वदता तापलेशोऽपि, त्याज्यः स्वस्य परस्य च ॥५८॥

મુનિએ કોમળ, શાંત, સરળ, મધુર અને મૃદુ વાણી બોલવી કે જેથી પોતાને કે બીજાને સહેજ પણ સંતાપ ન થાય.

૪/૫ कषायविषयग्रामे, धावन्तमतिदुर्जयम् ।
यः स्वमेव जयत्येकं, स वीरतिलकः कुतः ?॥५९॥

વિષય-કષાયના સમૂહમાં દોડતા દુર્જેય એવા પોતાના આત્માને જ જે જીતે, તેવો વીરશ્રેષ્ઠ કેવી રીતે મળે ?

૪/૬ धीराणामपि वैधुर्य-करै रौद्रपरीषहैः ।
स्पृष्टः सन् कोऽपि वीरेन्द्रः, संमुखो यदि धावति ॥६०॥

ધીરપુરુષોને ચલિત કરનાર રૌદ્ર પરીષહો આવવા છતાં જે સામેથી આવકારે તેવો વીરશ્રેષ્ઠ કોઈક જ છે.

૪/૭ उपसर्गे सुधीरत्वं, सुभीरुत्वमसंयमे ।
लोकातिगं द्वयमिदं, मुनेः स्याद् यदि कस्यचित् ॥६१॥

ઉપસર્ગમાં પણ નિશ્ચલતા અને અસંયમનો ડર, આ બંને લોકોત્તર વસ્તુ જો કોઈને હોય, તો સાધુને હોય.

૪/૯ जगत्त्रयैकमल्लश्च, कामः केन विजीयते ? ।
मुनिवीरं विना कश्चित्, चित्तनिग्रहकारिणम् ॥६२॥

ત્રણે જગતને જીતનાર કામને, ચિત્તનો નિગ્રહ કરનાર મુનિ વિના કોણ જીતી શકે ?

૫/૨૩ सुकुमारसुरूपेण, शालिभद्रेण भोगिना ।
तथा तप्तं तपो ध्यायन्, न भवेत् कस्तपोरतः ? ॥६३॥

સુકોમળ અને રૂપવાન એવા પુણ્યશાળી શાલિભદ્રે કરેલા ઘોર તપને વિચારનાર કોણ તપમાં રત ન થાય ?

૪/૩૧ ये सिद्धा ये च सेत्स्यन्ति, सर्वे सत्त्वे प्रतिष्ठिताः ।
सत्त्वं विना हि सिद्धिर्न, प्रोक्ता कुत्रापि शासने ॥६४॥

જે સિદ્ધ થયા અને થશે, તે બધા સત્ત્વમાં અડગ હતા - કોઈપણ ધર્મમાં સત્ત્વ વિના સિદ્ધિ કહી નથી.

૫/૧૭ अनन्तान् पुद्गलावर्तान्, आत्मन्नेकेन्द्रियादिषु ।
भ्रान्तोऽसि छेदभेदादि-वेदनाभिरभिद्रुतः ॥६५॥

હે આત્મન્ ! એકેન્દ્રિય વગેરે ગતિમાં છેદ-ભેદ વગેરે વેદનાથી પીડાતો અનંત પુદ્ગલપરાવર્ત રખડ્યો છે...

૫/૨૮ साम्प्रतं तु दृढीभूय, सर्वदुःखदवानलम् ।
व्रतदुःखं कियत्कालं, सह मा मा विषीद भोः ! ॥६६॥

હવે મજબૂત થઈને, સર્વ દુઃખોનો નાશ કરનાર વ્રતનું કષ્ટ થોડો કાળ સહન કરી લે, વિષાદ ન કર.

५/३० यदा दुःखं सुखत्वेन, दुःखत्वेन सुखं यदा ।
मुनिर्वेत्ति तदा तस्य, मोक्षलक्ष्मीः स्वयंवरा ॥६७॥

જ્યારે સાધુ, દુઃખ(કષ્ટ)ને સુખરૂપે અને (વિષયાદિ) સુખને દુઃખરૂપે માને, ત્યારે તેને મોક્ષલક્ષ્મી સ્વયં આવીને વરે છે.

४/२२ किन्तु सातैकलिप्सुः स, वस्त्राहारादिमूर्च्छया ।
कुर्वाणो मन्त्रतन्त्रादि, गृहव्याप्तिं च गेहिनाम् ॥६८॥

પરંતુ, શાતાનો લાલચુ તે વસ્ત્ર-આહાર વગેરેની મૂર્ચ્છાથી મંત્ર-તંત્ર કે ગૃહસ્થોના ઘરની ચિંતા કરતો...

४/२३ कथयँश्च निमित्ताद्यं, लाभालाभं शुभाशुभम् ।
कोटिं काकिणिमात्रेण, हारयेत् स्वं व्रतं त्यजन् ॥६९॥

લાભાલાભ રૂપ શુભાશુભ નિમિત્તને કહેતો, પોતાના વ્રતને છોડતો, કાકિણી(કોડી) માટે કરોડ રૂપિયા હારી જાય છે.

५/२९ उपदेशादिना किञ्चित्, कथञ्चित् कार्यते परः ।
स्वात्मा तु स्वहिते योक्तुं, मुनीन्द्रैरपि दुष्करः ॥७०॥

ઉપદેશ વડે કોઈક રીતે બીજા પાસે કંઈક કરાવી શકાય. પણ જાતને આત્મહિતમાં જોડવી તો મુનીન્દ્રો માટે પણ દુષ્કર છે.

૪/૪૦ मानुष्यं दुर्लभं लब्ध्वा, ये न लोकोत्तरफलम् ।
गृह्णन्ति सुखमायत्यां, पशवस्ते नरा अपि ॥७१॥

જે માણસો દુર્લભ મનુષ્યપણાને પામીને ભવિષ્યમાં સુખ આપનાર લોકોત્તર ફળદાયક(ધર્મ)ને આચરતા નથી, તે માણસો પણ પશુ જ છે.

૪/૪૧ तत्पुनर्मोक्षदो धर्मः, शीलाङ्गवहनात्मकः ।
प्रतिस्रोतःप्लवात् साध्यः, सत्त्वसारैकमानसैः ॥७२॥

અને વળી તે (લોકોત્તર ફળદાયક) શીલાંગ પાલન કરવા રૂપ મોક્ષદાયક ધર્મ, સાત્ત્વિક મનવાળા જીવો વડે (સંસારથી) સામા પ્રવાહે તરવાથી જ સાધ્ય છે.

## ~~ देहात्मभेदप्रकरणम् ~~

१ येनात्माऽबुध्यतात्मैव, परत्वेनैव चापरम् ।
अक्षयानन्तबोधाय, तस्मै सिद्धात्मने नमः ॥७३॥

જેમણે આત્માને જ આત્મારૂપે જાણ્યો, બીજાને અન્યરૂપે જ જાણ્યા; તે અક્ષય અને અનંત જ્ઞાની સિદ્ધ પરમાત્માને નમસ્કાર થાઓ.

१३ देहे स्वबुद्धिरात्मानं, युनक्त्येतेन निश्चयात् ।
स्वात्मन्येवात्मधीस्तस्माद्, वियोजयति देहिनाम् ॥७४॥

શરીરમાં 'આ હું છું' એવી બુદ્ધિ, આત્માને શરીર સાથે જોડે છે. આત્મામાં જ 'આ હું છું' એવી બુદ્ધિ જીવોને શરીરથી મુક્ત કરે છે.

१४ देहेष्वात्मधिया जाताः, पुत्रभार्यादिकल्पनाः ।
सम्पत्तिमात्मनस्ताभिः, मन्यते हा ! हतं जगत् ॥७५॥

શરીરમાં 'આ હું છું' એવી બુદ્ધિથી જ પત્ની-પુત્ર વગેરે કલ્પનાઓ થાય છે. તેના વડે પોતાની સંપત્તિ માનીને અહો ! આખું જગત દુઃખી થાય છે.

१५ मूलं संसारदुःखस्य, देह एवात्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदन्तः, बहिरव्यापृतेन्द्रियः ॥७६॥

શરીરમાં 'હું'ની બુદ્ધિ જ, સંસારના દુઃખોનું મૂળ છે. એટલે તેને ત્યજીને બહાર ઇન્દ્રિયના વ્યાપારથી મુક્ત થઈને અંદર પ્રવેશ કર.

३३ यो न वेत्ति परं देहाद्, एवमात्मानमव्ययम् ।
लभते न स निर्वाणं, तप्त्वाऽपि परमं तपः ॥७७॥

જે આ રીતે આત્માને શરીરથી ભિન્ન, અવિનાશી ન માને, તે ઉત્કૃષ્ટ તપ કરીને પણ મોક્ષ ન પામે.

६४ जीर्णे वस्त्रे यथाऽऽत्मानं, न जीर्णं मन्यते तथा ।
जीर्णे स्वदेहेऽप्यात्मानं, न जीर्णं मन्यते बुधः ॥७८॥

વસ્ત્ર જૂનું થવાથી જેમ પોતાને જીર્ણ નથી માનતા; તેમ પંડિતો દેહ જીર્ણ થવા પર પણ, પોતાને જીર્ણ નથી માનતા.

૬૫ नष्टे वस्त्रे यथाऽऽत्मानं, न नष्टं मन्यते तथा ।
नष्टे स्वदेहेऽप्यात्मानं, न नष्टं मन्यते बुधः ॥७९॥

વસ્ત્ર નષ્ટ થવા પર જેમ પોતાને નષ્ટ નથી માનતા, તેમ પંડિતો દેહ નષ્ટ થવા પર પણ પોતાને નષ્ટ નથી માનતા.

૭૪ देहान्तरगतेर्बीजं, देहेऽस्मिन्नात्मभावना ।
बीजं विदेहनिष्पत्तेः, आत्मन्येवात्मभावना ॥८०॥

આ શરીરમાં 'હું'ની ભાવના, બીજા શરીરમાં (પરલોકમાં) જવાનું કારણ છે. આત્મામાં જ 'હું'ની ભાવના, અશરીરી બનવાનું કારણ છે.

૭૭ आत्मन्येवात्मधीरन्यां, शरीरगतिमात्मनः ।
मन्यते निर्भयं त्यक्त्वा, वस्त्रं वस्त्रान्तरग्रहम् ॥८१॥

આત્મામાં જ 'હું'ની બુદ્ધિવાળો, આત્માની બીજા શરીરમાં જવાની ગતિને એક વસ્ત્ર તજીને બીજા વસ્ત્ર લેવા જેવી માને છે, તેમાં તેને ભય લાગતો નથી.

## ~~ हृदयप्रदीपषट्त्रिंशिका ~~

३ सम्यग् विरक्तिर्ननु यस्य चित्ते,
सम्यग् गुरुर्यस्य च तत्त्ववेत्ता ।
सदाऽनुभूत्या दृढनिश्चयो यः,
तस्यैव सिद्धिर्न हि चापरस्य ॥८२॥

જેના ચિત્તમાં સમ્યગ્ વૈરાગ્ય છે, જેના ગુરુ સમ્યગ્ તત્ત્વજ્ઞાની છે, જેને અનુભવજન્ય દૃઢ નિશ્ચય છે, તેને જ સિદ્ધિ મળે છે, બીજાને નહીં.

४ विग्रहं कृमिनिकायसङ्कुलं,
दुःखदं हृदि विवेचयन्ति ये ।
गुप्तिबद्धमिव चेतनं हि ते,
मोचयन्ति तनुयन्त्रयन्त्रितम् ॥८३॥

કૃમિઓના સમૂહથી ખદબદતાં શરીરને જે અંતરથી દુઃખના કારણરૂપે માને છે, તેઓ જ શરીરરૂપી સાંકળથી બંધાયેલ અને કેદમાં પૂરાયેલ આત્માને મુક્ત કરે છે.

५ भोगार्थमेतद् भविनां शरीरं,
ज्ञानार्थमेतत् किल योगिनां वै ।
जाता विषं चेद् विषया हि सम्यग्-
ज्ञानात् ततः किं कुणपस्य पुष्ट्या ? ॥८४॥

સંસારીઓનું શરીર ભોગ માટે છે, યોગીઓનું શરીર જ્ઞાન માટે છે. જો સમ્યગ્જ્ઞાનથી ઇન્દ્રિયના વિષયો ઝેર જેવા લાગ્યા હોય, તો શરીરની પુષ્ટિ શા માટે ?

૬ त्वङ्मांसमेदोऽस्थिपुरीषमूत्र-
पूर्णेऽनुरागः कुणपे कथं ते ? ।
द्रष्टा[१] च वक्ता च विवेकरूपः,
त्वमेव साक्षात् किमु मुह्यसीत्थम् ? ॥८५॥

ચામડી, માંસ, ચરબી, હાડકાં, મળ અને મૂત્રથી ભરેલા શરીરમાં તને રાગ કેમ છે ? વિવેકરૂપ એવો તું જ તેનો સાક્ષાત્ દ્રષ્ટા છે અને વક્તા પણ છે, તો આમ મોહ કેમ પામે છે ?

૭ धनं न केषां निधनं गतं वै ?,
दरिद्रिणः के धनिनो न दृष्टाः[२] ? ।
दुःखैकहेतौ विभवेऽतितृष्णां,
त्यक्त्वा सुखी स्यादिति मे विचारः ॥८६॥

કોનું ધન નષ્ટ નથી થયું ? કયા ધનવાનને દરિદ્ર થયેલા નથી જોયા ? માટે દુઃખના જ કારણ એવા વૈભવની અતિશય તૃષ્ણાને તજીને સુખી થા - એમ મારી ભલામણ છે.

---

૧. दृश् ધાતુ + तृ પ્રત્યય, પું. પ્ર. એ.

૨. दृश् + त (क्त), પું. પ્ર. બ.

૮ संसारदुःखान्न परोऽस्ति रोगः,
सम्यग्विचारात् परमौषधं न ।
तद्रोगदुःखस्य विनाशनाय,
सच्छास्त्रतोऽयं क्रियते विचारः ॥૮૭॥

સંસારના દુઃખથી વધીને કોઈ મોટો રોગ નથી. સમ્યગ્ ચિંતનથી વધીને કોઈ મોટી દવા નથી. એટલે તે રોગરૂપી દુઃખના નાશ માટે સમ્યક્ શાસ્ત્રોથી આ વિચારણા કરાય છે.

૯ अनित्यताया यदि चेत् प्रतीतिः,
तत्त्वस्य निष्ठा च गुरुप्रसादात् ।
सुखी हि सर्वत्र जने वने च,
नो चेद् वने चाथ जनेषु दुःखी ॥૮૮॥

જો ગુરુની કૃપાથી (પુદ્ગલ પદાર્થની) અનિત્યતાનું જ્ઞાન હોય અને તત્ત્વ (શુદ્ધ આત્મસ્વરૂપ)માં શ્રદ્ધા હોય તો માણસ સર્વત્ર - વસતિમાં કે નિર્જન જંગલમાં સુખી છે. અન્યથા તે બધે જ દુઃખી છે.

૧૦ मोहान्धकारे भ्रमतीह तावत्,
संसारदुःखैश्च कदर्थ्यमानः ।
यावद् विवेकार्कमहोदयेन,
यथास्थितं पश्यति नात्मरूपम् ॥૮૯॥

ત્યાં સુધી જ સંસારના દુઃખોથી પીડાતો મોહના અંધકારમાં રખડે છે, જ્યાં સુધી વિવેકરૂપી સૂર્યના ઉદયથી આત્માના વાસ્તવિક સ્વરૂપને જોતો નથી.

૧૧ अर्थो ह्यनर्थो बहुधा मतोऽयम्,
स्त्रीणां चरित्राणि शवोपमानि ।
विषेण तुल्या विषयाश्च तेषां,
येषां हृदि स्वात्मलयानुभूतिः ॥१०॥

જેમના હૃદયમાં આત્મસ્વરૂપનો પ્રકાશ થયો છે, તેમને સંપત્તિ પ્રાયઃ અનર્થક લાગે, સ્ત્રીના ચરિત્રો મડદા જેવા (બિભત્સ) લાગે, ઇન્દ્રિયના વિષયો ઝેર જેવા લાગે.

૧૨ कार्यं च किं ते परदोषदृष्ट्या ?,
कार्यं च किं ते परचिन्तया च ?।
वृथा कथं खिद्यसि बालबुद्धे !?,
कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ॥११॥

બીજાના દોષ જોઈને તારે શું કામ છે ? બીજાની ચિંતાથી પણ તારે શું કામ છે ? હે મંદબુદ્ધિ ! શા માટે ફોગટ દુઃખી થાય છે ? બીજું બધું છોડીને તારું પોતાનું હિત કર.

१३ यस्मिन् कृते कर्मणि सौख्यलेशो,
दुःखानुबन्धस्य तथाऽस्ति नान्तः ।
मनोऽभितापो मरणं हि यावत्,
मूर्खोऽपि कुर्यात् खलु तन्न कर्म ॥९२॥

જે કાર્ય કરવાથી અંતરમાં સુખનો અંશ પણ ન અનુભવાય કે દુઃખોની પરંપરાનો અંત ન થાય, માત્ર મનને ત્રાસ થાય કે મોત આવે, તેવું કાર્ય (પરચિંતા) તો મૂર્ખ પણ ન કરે.

१४ यदर्जितं वै वयसाऽखिलेन,
ध्यानं तपो ज्ञानमुखं च सत्यम् ।
क्षणेन सर्वं प्रदहत्यहो ! तत्,
कामो बली प्राप्य छलं यतीनाम् ॥९३॥

આખી જિંદગીમાં જે ધ્યાન, તપ કે જ્ઞાન દ્વારા સત્ય અર્જિત કર્યું હોય, અહો ! છિદ્ર જોઈને સાધુમાં ઘૂસી ગયેલો બળવાન્ એવો કામ, તે બધાને જ સળગાવીને સાફ કરી નાખે છે.

१५ बलादसौ मोहरिपुर्जनानां,
ज्ञानं विवेकं च निराकरोति ।
मोहाभिभूतं हि जगद्विनष्टं,
तत्त्वावबोधादपयाति मोहः ॥९४॥

આ મોહશત્રુ લોકોના જ્ઞાન અને વિવેકનો બળપૂર્વક નાશ કરી નાખે છે. મોહથી હણાયેલું આખું જગત દુઃખી છે. તત્ત્વજ્ઞાનથી જ મોહ દૂર થાય છે.

१६ सर्वत्र सर्वस्य सदा प्रवृत्तिः,
दुःखस्य नाशाय सुखस्य हेतोः ।
तथाऽपि दुःखं न विनाशमेति,
सुखं न कस्यापि भजेत् स्थिरत्वम् ॥९५॥

સર્વ સ્થાને - સર્વ કાળે - સર્વ જીવોની પ્રવૃત્તિ દુઃખના નાશ અને સુખની પ્રાપ્તિ માટે જ હોય છે. તો પણ કોઈનું દુઃખ નાશ પામતું નથી અને સુખ કાયમ રહેતું નથી.

१७ यत् कृत्रिमं वैषयिकादिसौख्यम्,
भ्रमन् भवे को न लभेत मर्त्यः ?।
सर्वेषु तच्चाधममध्यमेषु,
यद् दृश्यते तत्र किमद्भुतं च ? ॥९६॥

વિષયોથી મળતું નાશવંત સુખ તો સંસારમાં ભટકતો કયો જીવ નથી મેળવતો ? જે અધમ-મધ્યમ બધા જીવોમાં મળે, તેમાં આશ્ચર્યકારી શું છે ?

१९ गृहीतलिङ्गस्य च चेद् धनाशा,
गृहीतलिङ्गो विषयाभिलाषी ।
गृहीतलिङ्गो रसलोलुपश्चेद्,
विडम्बनं नास्ति ततोऽधिकं हि ॥९७॥

સાધુનો વેશ ધારણ કરનારને જો ધનની ઇચ્છા હોય, વિષયોનો અભિલાષ હોય કે રસનાની લોલુપતા હોય, તો તેનાથી વધારે વિટંબણા બીજી કોઈ નથી.

૨૦ ये लुब्धचित्ता विषयार्थभोगे,
बहिर्विरागा हृदि बद्धरागाः ।
ते दाम्भिका वेषधराश्च धूर्ताः,
मनांसि लोकस्य तु रञ्जयन्ति ॥९८॥

જે બહારથી વિરાગી પણ અંદરથી રાગી છે, વિષયોના ભોગમાં આસક્ત છે, તે દંભી ધૂર્ત વેશધારીઓ માત્ર લોકોનું મનોરંજન કરે છે.

૨૨ ये निःस्पृहास्त्यक्तसमस्तरागाः,
तत्त्वैकनिष्ठा गलिताभिमानाः ।
सन्तोषपोषैकविलीनवाञ्छाः,
ते रञ्जयन्ति स्वमनो न लोकम् ॥९९॥

જે નિઃસ્પૃહ છે, સમસ્ત રાગથી રહિત છે, તત્ત્વજ્ઞાનમાં જ મગ્ન છે, અભિમાન રહિત છે, સંતોષ પ્રાપ્ત થવાથી ઇચ્છારહિત છે, તે પોતાના મનને જ પ્રસન્ન કરે છે, લોકને નહીં.

૨૩ तावद्विवादी जनरञ्जकश्च,
यावन्न चैवात्मरसे सुखज्ञः ।
चिन्तामणिं प्राप्य वरं हि लोके,
जने जने कः कथयन् प्रयाति ? ॥१००॥

ત્યાં સુધી જ જીવ વિવાદી અને લોકરંજન કરનાર હોય છે, જ્યાં સુધી આત્મરમણતામાં સુખનો અનુભવ નથી. શ્રેષ્ઠ ચિંતામણિ પામીને કોણ જગતમાં બધાને કહેતો ફરે ?

૨૬ रुष्टैर्जनैः किं यदि चित्तशान्तिः ?,
तुष्टैर्जनैः किं यदि चित्ततापः ?।
प्रीणाति नो नैव दुनोति चान्यान्,
स्वस्थः सदौदासपरो हि योगी ॥१०१॥

ચિત્ત શાંત હોય તો લોકો નારાજ હોય તોય શું ? અને ચિત્તમાં ઉકળાટ હોય તો લોકો ખુશ હોય તોય શું ? સ્વસ્થ અને સદા ઉદાસીન યોગી બીજાને ખુશ કરવા પ્રયત્ન કરતો નથી કે દુઃખી પણ કરતો નથી.

૨૭ एकः पापात् पतति नरके, याति पुण्यात् स्वरेकः,
पुण्यापुण्यप्रचयविगमात् मोक्षमेकः प्रयाति ।
सङ्गान्नूनं न भवति सुखम्, न द्वितीयेन कार्यम्,
तस्मादेको विचरति सदाऽऽनन्दसौख्येन पूर्णः ॥१०२॥

પાપથી એકલો જ નરકમાં જાય છે, પુણ્યથી એકલો જ સ્વર્ગમાં જાય છે; પુણ્ય-પાપના નાશથી એકલો જ મોક્ષમાં જાય છે. બીજાના સંગથી કોઈ સુખ થતું નથી, એટલે જ બીજાનું કાંઈ કામ નથી. માટે જ એકલો જ સદા આનંદ ભરપૂર વિહરે છે.

૨૮ त्रैलोक्यमेतद् बहुभिर्जितं यैः,
मनोजये तेऽपि यतो न शक्ताः ।
मनोजयस्यात्र पुरो हि तस्मात्,
तृणं त्रिलोकीविजयं वदन्ति ॥१०३॥

જે ઘણાં લોકોએ ત્રણે લોકને જીત્યા, તેઓ પણ મનને જીતી શક્યા નથી. એટલે જ મનના વિજય સામે ત્રણ લોક પરનો વિજય તણખલાં જેવો છે.

૨૯ मनोलयान्नास्ति परो हि योगो,
ज्ञानं तु तत्त्वार्थविचारणाच्च ।
समाधिसौख्यान्न परं च सौख्यम्,
संसारसारं त्रयमेतदेव ॥१०४॥

મન પરના વિજયથી મોટો કોઈ યોગ નથી. તત્ત્વ-અર્થની વિચારણાથી મોટું કોઈ જ્ઞાન નથી. સમાધિથી મોટું કોઈ સુખ નથી. આ ત્રણ જ સંસારમાં સારરૂપ છે.

૩૧ विदन्ति तत्त्वं न यथास्थितं वै,
सङ्कल्पचिन्ताविषयाकुला ये ।
संसारदुःखैश्च कदर्थितानां,
स्वप्नेऽपि तेषां न समाधिसौख्यम् ॥१०५॥

જે યથાવસ્થિત તત્ત્વને જાણતા નથી, વિકલ્પો-ચિંતા અને વિષયથી આકુળ છે; સંસારના દુઃખથી રિબાતાં તે જીવોને સ્વપ્નમાં પણ સમાધિનું સુખ અનુભવાતું નથી.

૩૨ श्लोको वरं परमतत्त्वपथप्रकाशी,
न ग्रन्थकोटिपठनं जनरञ्जनाय ।
सञ्जीवनीति वरमौषधमेकमेव,
व्यर्थः श्रमप्रजननो न तु मूलभारः ॥१०६॥

પરમ તત્ત્વના માર્ગને બતાવનાર એક શ્લોક સારો; જનરંજન માટે કરોડો ગ્રંથ ભણવા સારા નહીં.. સંજીવની એ એક જ ઔષધ સારું છે; શ્રમને વધારનાર, નકામો મૂળિયાનો ભારો નહીં.

૩૩ तावत् सुखेच्छा विषयार्थभोगे,
यावन् मनःस्वास्थ्यसुखं न वेत्ति ।
लब्धे मनःस्वास्थ्यसुखैकलेशे,
त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा ॥१०७॥

જ્યાં સુધી મનની સ્વસ્થતાનું સુખ જાણતો નથી, ત્યાં સુધી જ વિષયોના ભોગમાં સુખની ઈચ્છા થાય છે. મનના સ્વાસ્થ્યના સુખનો અંશ પણ મળે, પછી ત્રણે લોકના રાજ્યની પણ ઈચ્છા રહેતી નથી.

३४ न देवराजस्य न चक्रवर्तिनः,
तद् वै सुखं रागयुतस्य मन्ये ।
यद् वीतरागस्य मुनेः सदाऽत्म-
निष्ठस्य चित्ते स्थिरतां प्रयाति ॥१०८॥

વીતરાગ અને આત્મરમણતામાં મગ્ન મુનિના ચિત્તમાં જે સુખ સ્થિર થાય છે, તે રાગી એવા ઈન્દ્ર કે ચક્રવર્તીને પણ હોતું નથી.

# યતિલક્ષણસમુચ્ચય
# ઉપદેશરહસ્ય
# સૂક્ત-રત્ન-મંજૂષા
## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

| | |
|---|---|
| **મૂલગ્રંથ** | : યતિલક્ષણસમુચ્ચય-ઉપદેશરહસ્ય<br>સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : યતિલક્ષણસમુચ્ચય - ઉપદેશરહસ્ય |
| **આધારગ્રંથકર્તા** | : (મહો.) યશોવિજયજી મ. |
| **અર્થસંકલન** | : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય<br>ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય...<br>પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : સાધુના લક્ષણો, મોક્ષમાર્ગ |

## ~~ यतिलक्षणसमुच्चयः ~~

१ सिद्धत्थरायपुत्तं, तित्थयरं पणमिऊण भत्तीए ।
सुत्तोइअणीइए, सम्मं जइलक्खणं वुच्छं ॥१॥

સિદ્ધાર્થરાજાના પુત્ર, તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામીને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને સૂત્રોક્ત નીતિથી સાધુના લક્ષણને સમ્યક્ રીતે કહીશ.

३ मग्गाणुसारिकिरिया, पन्नवणिज्जत्तमुत्तमा सद्धा ।
किरिआसु अप्पमाओ, आरंभो सक्कणुट्ठाणे ॥२॥

૧. માર્ગાનુસારી ક્રિયા, ૨. પ્રજ્ઞાપનીયતા, ૩. ઉત્તમ શ્રદ્ધા, ૪. ક્રિયામાં અપ્રમાદ અને ૫. શક્ય અનુષ્ઠાનનો આરંભ...

४ गरुओ गुणाणुराओ, गुरुआणाराहणं तहा परमं ।
अक्खयचरणधणाणं, सत्तविहं लक्खणं एयं ॥३॥

૬. ઊંચો ગુણાનુરાગ અને ૭. ગુર્વાજ્ઞાની શ્રેષ્ઠ આરાધના એ અખંડ ચારિત્રધરોના સાત લક્ષણ છે.

### ~~ માર્ગાનુસારી ક્રિયા ~~

६ मग्गो आगमणीई, अहवा संविग्गबहुजणाइन्नं ।
उभयाणुसारिणी जा, सा मग्गणुसारिणी किरिया ॥४॥

માર્ગ એટલે આગમવચન અથવા સંવિગ્ન બહુજનોની આચરણા. જે ક્રિયા બંનેને અનુસરતી હોય તે માર્ગાનુસારી ક્રિયા છે.

७ अन्नह भणियं पि सुए, किंची कालाइकारणाविक्खं ।
आइन्नमन्नह च्चिय, दीसइ संविग्गगीएहिं ॥५॥

શાસ્ત્રમાં જુદું કહ્યું હોય તો પણ કાળ વગેરે કોઈ કારણે સંવિગ્ન ગીતાર્થોએ જુદું જ આચર્યું હોય, તેવું પણ દેખાય છે.

१० जं सव्वहा न सुत्ते पडिसिद्धं, नेव जीववहहेऊ ।
तं सव्वं पि पमाणं, चारित्तधणाण भणिअं च ॥६॥

જે શાસ્ત્રમાં સર્વથા પ્રતિષિદ્ધ નથી, જીવહિંસાનું કારણ નથી, તે બધું જ ચારિત્રધરોને પ્રમાણ - માન્ય છે. કહ્યું છે કે -

११ अवलंबिऊण कज्जं, जं किंचि समायरंति गीयत्था ।
थोवावराहबहुगुणं, सव्वेसिं तं पमाणं तु ॥७॥

ગીતાર્થો કોઈ કાર્યને આશ્રયીને થોડા નુકસાન - ઘણા લાભવાળું જે કાંઈ આચરે, તે બધાને પ્રમાણ છે.

१२ जं पुण पमायरूवं, गुरुलाघवचिंतविरहियं सवहं ।
सुहसीलसढाइन्नं, चरित्तिणो तं न सेवंति ॥८॥

સુખશીલ-કપટીઓએ ગુરુ-લાઘવની વિચારણા વિનાનું, હિંસાજનક અને પ્રમાદરૂપ જે આચરણ કર્યું હોય, તેને ચારિત્રધરો સેવતા નથી.

૧૫ सारसिओ परिणामो, अहवा उत्तमगुणप्पणप्पवणो ।
हंदि भुजंगमनलिआ-यामसमाणो मओ मग्गो ॥९॥

આગળના ગુણને પ્રાપ્ત કરાવનાર, સર્પના નલિકામાં ગમન જેવો સરળ, સ્વારસિક (સ્વૈચ્છિક) પરિણામ તે માર્ગ છે.

૧૬ इत्थं सुहोहनाणा, सुत्ताचरणा य नाणविरहे वि ।
गुरुपरतंतमईणं, जुत्तं मग्गाणुसारित्तं ॥१०॥

આથી ગુરુ-પારતંત્ર્યયુક્તને વિશેષ જ્ઞાન ન હોય તો પણ શુભ - ઓઘ જ્ઞાન અને શાસ્ત્રાનુસારી આચરણાના કારણે માર્ગાનુસારીપણું સંભવે છે.

~~ પ્રજ્ઞાપનીયતા ~~

૪૪ जो न य पन्नवणिज्जो, गुरुवयणं तस्स पगइमहुरं पि ।
पित्तज्जरगहिअस्स व, गुडखंड कडुअमाभाइ ॥११॥

પિત્તનો તાવ હોય તો ગોળ પણ કડવો લાગે; તેમ જે પ્રજ્ઞાપનીય નથી, તેને સ્વભાવથી જ મધુર એવું ગુરુનું વચન પણ કડવું લાગે છે.

~~ શ્રદ્ધા ~~

૪૫ पन्नवणिज्जस्स पुणो, उत्तमसद्धा हवे फलं जीसे ।
विहिसेवा य अतत्ती, सुदेसणा खलिअपरिसुद्धि ॥१२॥

પ્રજ્ઞાપનીયને ઉત્તમ શ્રદ્ધા હોય, જેના ફળરૂપે વિધિનું પાલન, (જ્ઞાનાદિમાં) અતૃપ્તિ, સુદેશના અને અતિચારોની શુદ્ધિ - પ્રાયશ્ચિત્ત થાય છે.

૫૦ निरुओ भुज्जरसन्नू, किंचि अवत्थं गओ असुहमन्नं ।
भुंजइ तंमि न रज्जइ, सुहभोअणलालसो धणिअं ॥१३॥

નીરોગી અને આહારના સ્વાદને જાણનારો, કોઈ (ખરાબ) અવસ્થાને પામ્યો હોય તો અશુભ અન્ન ખાય, પણ તેમાં રાગ ન કરે, શુભ ભોજનનો જ અત્યંત લાલચુ હોય...

૫૧ इय सुद्धचरणरसिओ, सेवंतो दव्वओ विरुद्धं पि ।
सद्धागुणेण एसो, न भावचरणं अइक्कमइ ॥१४॥

તેમ શુદ્ધ ચારિત્રનો ઇચ્છુક, દ્રવ્યથી વિપરીત આચરે તો પણ શ્રદ્ધાના કારણે ભાવચારિત્રને વિરાધતો નથી.

૬૦ एगंतेण णिसेहो, जोगेसु ण देसिओ विही वा वि ।
दलिअं पप्प णिसेहो, हुज्ज विही वा जहा रोगे ॥१५॥

યોગોમાં એકાંતે નિષેધ કે વિધિ કહ્યો નથી. પરંતુ જેમ રોગમાં (રોગાદિને અનુસારે પથ્ય / ઔષધ હોય) તેમ દ્રવ્યાદિને આશ્રયીને જ નિષેધ કે વિધિ હોય.

૬૧ जंमि णिसेविज्जंते, अइआरो हुज्ज कस्सइ कया वि ।
तेणेव य तस्स पुणो, कयाइ सोही हविज्जाहि ॥१६॥

જેના આચરણથી કોઈને ક્યારેક અતિચાર લાગે, તેને તેનાથી જ ક્યારેક નિર્જરા પણ થાય.

६२ अणुमित्तो वि न कस्सइ बंधो, परवत्थुपच्चओ भणिओ ।
तह वि खलु जयंति जई, परिणामविसोहिमिच्छंता ॥१७॥

કોઈને બાહ્ય પદાર્થના કારણે અણુ જેટલો પણ કર્મબંધ બતાવ્યો નથી. તો પણ પરિણામની શુદ્ધિને ઈચ્છનારા સાધુઓ બાહ્ય જયણા કરે છે. (બાહ્ય હિંસા વગેરેથી બચવાનો પુરુષાર્થ કરે છે.)

६४ तम्हा सया विसुद्धं, परिणामं इच्छया सुविहिएणं ।
हिंसाययणा सव्वे, परिहरिअव्वा पयत्तेणं ॥१८॥

એટલે સદા વિશુદ્ધ પરિણામને ઈચ્છતા સુવિહિત સાધુએ હિંસા વગેરે બધા પાપસ્થાનોને પ્રયત્નપૂર્વક વર્જવા.

६६ पाउणइ णेव तित्तिं, सद्धालू नाणचरणकज्जेसु ।
वेयावच्चतवाइसु, अपुव्वगहणे य उज्जमइ ॥१९॥

શ્રદ્ધાળુ સાધુ જ્ઞાન-ચારિત્રના કાર્યો અને વૈયાવચ્ચ-તપમાં કદી તૃપ્તિ ન પામે, નવા જ્ઞાનાદિને માટે પ્રયત્નશીલ જ રહે.

६८ छुहिअस्स जहा खणमवि,
विच्छिज्जइ णेव भोअणे इच्छा ।
एवं मोक्खत्थीणं,
छिज्जइ इच्छा ण कज्जंमि ॥२०॥

ભૂખ્યાને ભોજનની ઈચ્છા જેમ ક્ષણમાત્ર પણ શાંત ન થાય; તેમ મોક્ષના ઈચ્છુકને જ્ઞાનાદિ કાર્યોની ઈચ્છા ક્ષણમાત્ર પણ શાંત ન થાય.

૭૦ सुपरिचिअआगमत्थो, अवगयपत्तो सुहगुरुअणुण्णाओ ।
मज्झत्थो हियकंखी, सुविसुद्धं देसणं कुणइ ॥२१॥

આગમના અર્થોનો જાણકાર, શ્રોતાની પાત્રતા-અપાત્રતા જાણનાર, સુગુરુએ જેને રજા આપી છે તેવો, મધ્યસ્થ, હિતેચ્છુ સાધુ વિશુદ્ધ દેશના આપે.

૭૨ जह जह बहुस्सुओ संमओ य,
सीसगणसंपरिवुडो य ।
अविणिच्छिओ अ समए,
तह तह सिद्धंतपडिणीओ ॥२२॥

શાસ્ત્રના રહસ્યને નહીં જાણનાર સાધુ, જેમ જેમ ઘણું શ્રુત ભણેલો, લોકમાન્ય અને શિષ્યપરિવારથી યુક્ત થાય તેમ તેમ શાસનનો શત્રુ બને છે.

૭૪ सावज्जऽणवज्जाणं, वयणाणं जो न जाणइ विसेसं ।
वुत्तुं पि तस्स ण खमं, किमंग पुण देसणं काउं ? ॥२३॥

સાવદ્ય અને નિરવદ્ય વચનનો તફાવત જે જાણતો નથી, તેને બોલવાનો પણ અધિકાર નથી. તો દેશના તો શી રીતે આપી શકે ?

૭૬ पत्तंमि जं पदिन्नं, अणुकंपासंगयं च जं दाणं ।
जं च गुणंतरहेऊ, पसंसणिज्जं तयं होइ ॥२४॥

જે સુપાત્રને આપ્યું હોય, અથવા અનુકંપાથી યુક્ત હોય, અથવા અન્ય ગુણોનું કારણ હોય તે દાન પ્રશંસનીય છે.

૮૦ जं पुण अपत्तदाणे, पावं भणिअं धुवं भगवईए ।
तं खलु फुडं अपत्ते, पत्ताभिणिवेसमहिगिच्चा ॥२५॥

ભગવતીસૂત્રમાં અપાત્રને દાન આપવામાં જે પાપ કહ્યું છે, તે સ્પષ્ટપણે અપાત્રમાં પાત્રતાના આગ્રહને કારણે છે. (=અપાત્રને પાત્ર માનીને આપવામાં છે.)

૮૩ गुरुणा य अणुण्णाओ, गुरुभावं देसउ लहुं जम्हा ।
सीसस्स हुंति सीसा, ण हुंति सीसा असीसस्स ॥२६॥

ગુરુએ જેને ગુરુ બનવાની રજા આપી હોય, તે સારી દેશના આપે, કારણકે શિષ્યના જ શિષ્ય થાય છે, જે પોતે શિષ્ય નથી (ગુરુપરતંત્ર નથી) તેના શિષ્યો થતા નથી.

૮૫ जं च ण सुत्ते विहिअं,
ण य पडिसिद्धं जणंमि चिररूढं ।
समइविगप्पियदोसा,
तं पि ण दूसंति गीयत्था ॥२७॥

જે શાસ્ત્રમાં કહ્યું નથી કે નિષિદ્ધ કર્યું નથી, પણ લોકમાં ઘણા સમયથી રૂઢ છે; તેનું ગીતાર્થો સ્વમતિથી વિકલ્પિત દોષોથી ખંડન કરતા નથી.

૮૬ संविग्गा गीयतमा, विहिरसिआ पुव्वसूरिणो आसी ।
तददूसिअमायरिअं, अणइसई को णिवारेइ ? ॥२८॥

પૂર્વાચાર્યો સંવિગ્ન, ગીતાર્થશ્રેષ્ઠ અને વિધિરસિક હતા. તેમણે જેનું ખંડન નથી કર્યું - આચર્યું છે, તેનું અતિશય જ્ઞાન વિનાનો કોણ ખંડન કરે ?

૮૭ अइसाहसमेअं जं, उस्सुत्तपरूवणा कडुविवागं ।
जाणंतेहि विहिज्जइ, णिद्देसो सुत्तबज्झत्थे ॥२९॥

ઉત્સૂત્ર પ્રરૂપણાને કટુવિપાકવાળી જાણનારા પણ શાસ્ત્રવિરુદ્ધ પદાર્થની પ્રરૂપણા કરે છે, તે મહાસાહસ છે.

९४ पत्तंमि देसणा खलु, णियमा कल्लाणसाहणं होइ ।
कुणइ अ अपत्तपत्ता, विणिवायसहस्सकोडीओ ॥३०॥

પાત્રને અપાયેલ દેશના અવશ્ય કલ્યાણનું કારણ બને. અપાત્રને અપાયેલ તો હજારો કરોડો નુકસાન કરે.

९६ आमे घडे णिहत्तं, जहा जलं तं घडं विणासेइ ।
इय सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥३१॥

જેમ કાચા ઘડામાં નાંખેલું પાણી, તે ઘડાને નષ્ટ કરે; તેમ અપાત્રને અપાયેલ સિદ્ધાંતનું રહસ્ય, અપાત્રને નુકસાન કરે.

१०३ पडिलेहणाई चिट्ठा, छक्कायविघाइणी पमत्तस्स ।
भणिआ सुअंमि तम्हा, अपमाई सुविहिओ हुज्जा ॥३२॥

શાસ્ત્રમાં પ્રમાદીની પડિલેહણાદિ ક્રિયા પણ ષટ્કાયનો નાશ કરનારી કહી છે. તેથી સુવિહિત સાધુએ અપ્રમાદી થવું.

१११ संजमजोगेसु सया, जे पुण संतवीरिया वि सीअंति ।
कह ते विसुद्धचरणा, बाहिरकरणालसा हुंति ? ॥३४॥

જેઓ શક્તિ હોવા છતાં પણ સંયમયોગોમાં સદા સીદાય છે, તે બાહ્ય ક્રિયાના આળસુઓ વિશુદ્ધ ચારિત્રધર શી રીતે હોય ?

~~ શક્યારંભ ~~

११३ सहसा असक्कचारी,
पउरपमायंमि जो पडइ पच्छा ।
खलमित्ति व्व ण किरिया,
सलाहणिज्जा हवे तस्स ॥३५॥

જે શીઘ્ર - વિચાર્યા વિના અશક્ય કાર્ય કરવા જાય અને પછી ઘણાં પ્રમાદમાં પડે, તેની ક્રિયા દુર્જનની મૈત્રીની જેમ પ્રશંસનીય નથી.

११४ दव्वाइनाणनिउणं, अवमन्नंतो गुरुं असक्कचारि जो ।
सिवभूइ व्व कुणंतो, हिंडइ संसाररन्नंमि ॥३६॥

દ્રવ્યાદિના જ્ઞાનમાં કુશળ એવા ગુરુને અવગણીને જે અશક્ય કાર્ય કરે છે, તે શિવભૂતિની જેમ સંસારમાં રખડે છે.

११५ हवइ असक्कारंभो, अत्तुक्करिसजणएण कम्मेण ।
निउणेण साणुबंधं, णज्जइ पुण एसणिज्जं च ॥३७॥

અશક્ય કાર્યનો પ્રારંભ, આત્મોત્કર્ષજનક (માનકષાય) કર્મથી થાય છે. નિપુણ સાધુ તો પોતાનાથી શક્ય અને અનુબંધયુક્ત (આગળ જતાં વૃદ્ધિ પામનાર) કાર્યને જાણે છે. (પછી જ કરે છે.)

~~ ગુણાનુરાગ ~~

१२१ गुणवुड्ढिइ परग्गय-गुणरत्तो गुणलवं पि संसेइ ।
तं चेव पुरो काउं, तग्गयदोसं उवेहेइ ॥३८॥

બીજાના ગુણોનો રાગી સાધુ, ગુણની વૃદ્ધિ માટે ગુણના અંશની પણ પ્રશંસા કરે, અને તેને(ગુણને) આગળ કરીને તેના દોષોની ઉપેક્ષા કરે.

१२२ जह अइमुत्तयमुणिणो, पुरोकयं आगमेसिभद्दत्तं ।
थेराण पुरो न पुणो, वयखलिअं वीरणाहेणं ॥३९॥

જેમ મહાવીરસ્વામી ભગવંતે સ્થવિરો સમક્ષ અઈમુત્તા મુનિના ભાવિભદ્રકપણાને (ભવિષ્યમાં થનાર આત્મકલ્યાણને) પ્રધાન કર્યું, પણ વ્રતની સ્ખલના પ્રધાન ન કરી.

१२४ दंसणनाणचरित्तं, तवविणयं जत्थ जत्तिअं पासे ।
जिणपन्नत्तं भत्तीइ, पूअए तं तहिं भावं ॥४०॥

જિનોક્ત દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય જ્યાં જેટલા દેખાય, ત્યાં તે ભાવને ભક્તિપૂર્વક પૂજવા.

१२६ परगुणगहणावेसो, भावचरित्तिस्स जह भवे पवरो ।
दोसलवेण वि निअए, जहा गुणे निग्गुणे गुणइ ॥४१॥

જેમ ભાવચારિત્રીને બીજાના ગુણ ગ્રહણ કરવાનો શ્રેષ્ઠ આગ્રહ હોય, તેમ પોતાના દોષના અંશમાત્રથી પણ ગુણોને નિર્ગુણ માને - ગુણ ન માને.

१२८ सीसो सज्झिलओ वा, गणिव्वओ वा न सोग्गइं णेइ ।
जे तत्थ नाणदंसणचरणा ते सुग्गईमग्गो ॥४२॥

શિષ્ય, ગુરુભાઈ કે પોતાના ગણનો સાધુ હોવામાત્રથી સદ્ગતિમાં ન લઈ જાય. તેનામાં જે જ્ઞાન-દર્શન-ચારિત્ર છે, તે જ સદ્ગતિનો માર્ગ છે.

१२९ करुणावसेण नवरं, ठावइ मग्गंमि तं पि गुणहीणं ।
अच्चंताजुग्गं पुण, अरत्तदुट्ठो उवेहेइ ॥४३॥

છતાં તે ગુણહીન સાધુને કરુણાને વશ થઈને માર્ગમાં સ્થિર કરે. અત્યંત અયોગ્યની તો મધ્યસ્થપણે ઉપેક્ષા કરે.

१३२ ण वहइ जो गुणरायं, दोसलवं कड्डिउं गुणड्ढे वि ।
तस्स णियमा चरित्तं, नत्थि त्ति भणंति समयन्नू ॥४४॥

જે ગુણવાન્‌માં પણ દોષ જોઈને ગુણનો રાગ કરતો નથી, તેનામાં ચારિત્ર નિયમા નથી, તેમ શાસ્ત્રજ્ઞો કહે છે.

१३३ गुणदोसाण य भणियं, मज्झत्थत्तं वि निचियमविवेए ।
गुणदोसो पुण लीला, मोहमहारायआणाए ॥४५॥

ગુણ અને દોષોમાં મધ્યસ્થતા પણ અત્યંત અવિવેક હોય તો જ હોય, એમ કહ્યું છે. તો ગુણને પણ દોષ માનવો, તે તો મહામોહરાજનું સામ્રાજ્ય જ છે.

१३४ सयणप्पमुहेहिंतो जस्स, गुणड्ढंमि णाहिओ रागो ।
तस्स न दंसणसुद्धी, कत्तो चरणं च निव्वाणं ? ॥४६॥

એટલે જેને સ્વજનો વગેરે કરતાં ગુણવાન્‌માં વધુ રાગ નથી, તેનું સમ્યગ્દર્શન પણ શુદ્ધ નથી. ચારિત્ર કે મોક્ષ તો ક્યાંથી ?

१३५ उत्तमगुणाणुराया, कालाईदोसओ अपत्ता वि ।
गुणसंपया परत्थ वि, न दुल्लहा होइ भव्वाणं ॥४७॥

કાળ વગેરે દોષોના કારણે નહીં મળેલ ગુણોરૂપ સંપત્તિ પણ, ઉત્તમ ગુણોના અનુરાગથી પરભવમાં સુલભ બને છે.

~~ ગુર્વાજ્ઞાપાલન ~~

१३६ गुणरत्तस्स य मुणिणो,
गुरुआणाराहणं हवे णियमा ।
बहुगुणरयणनिहाणा,
तओ ण अहिओ जओ को वि ॥४८॥

ગુણના રાગી એવા મુનિ અવશ્ય ગુર્વાજ્ઞાપાલન કરે; કારણકે ઘણાં ગુણરત્નોના નિધાન એવા ગુરુથી વધીને બીજું કોઈ નથી.

१३७ तिण्हं दुप्पडिआरं, अम्मापिउणो तहेव भट्टिस्स ।
धम्मायरियस्स पुणो, भणिअं गुरुणो विसेसेउं ॥४९॥

માતા-પિતા, માલિક અને ધર્મદાતા ગુરુનો ઉપકાર વાળવો દુ:શક્ય કહ્યો છે. તેમાં પણ ગુરુનો તો વિશેષથી દુ:શક્ય છે.

१३९ नाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य ।
धन्ना आवकहाए, गुरुकुलवासं न मुंचंति ॥५०॥

(ગુરુકુળવાસ સેવનાર) જ્ઞાનનો સ્વામી બને છે, સમ્યગ્દર્શન અને ચારિત્રમાં સ્થિર થાય છે. તેથી ધન્ય જીવો યાવજ્જીવ ગુરુકુળવાસ છોડતા નથી.

१४० सव्वगुणमूलभूओ,
भणिओ आयारपढमसुत्तंमि ।
गुरुकुलवासो तत्थ य,
दोसा वि गुणा जओ भणिअं ॥५१॥

આચારાંગ સૂત્રના પ્રથમ સૂત્રમાં ગુરુકુળવાસ સર્વ ગુણોનું મૂળ કહ્યો છે. ગુરુકુળવાસમાં દોષો પણ ગુણરૂપ બને છે. કહ્યું છે કે...

१४१ एयस्स परिच्चाया, सुद्धुंछाइ वि णेव हिययाणि ।
कम्माइ वि परिसुद्धं, गुरुआणावत्तिणो बिंति ॥५२॥

ગુરુકુળવાસનો ત્યાગ કરનારને નિર્દોષ ભિક્ષા વગેરે પણ હિતકર થતી નથી. ગુર્વાજ્ઞાપાલકને આધાકર્મી વગેરે પણ શુદ્ધ (નિર્દોષ) કહ્યા છે.

१४३ गुरुआणाए चाए, जिणवरआणा न होइ णियमेण ।
सच्छंदविहाराणं, हरिभद्देणं जओ भणिअं ॥५३॥

ગુર્વાજ્ઞાનો ત્યાગ કર્યા પછી સ્વચ્છંદવિહારીઓને જિનાજ્ઞા પણ રહેતી નથી. કારણકે હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે...

१४४ एअंमि परिचत्ते, आणा खलु भगवओ परिचत्ता ।
तीए अ परिच्चाए, दुण्ह वि लोगाण चाओ त्ति ॥५४॥

ગુર્વાજ્ઞાનો ત્યાગ કરવાથી ભગવાનની આજ્ઞાનો પણ ત્યાગ થઈ જ જાય છે. અને તેનો ત્યાગ કરવાથી આલોક-પરલોકમાં અહિત થાય છે.

૧૪૮ भावस्स हु णिक्खेवे, जिणगुरुआणाण होइ तुल्लत्तं ।
सरिसं णासा भणियं, महाणिसीहंमि फुडमेयं ॥५५॥

ભાવનિક્ષેપામાં રહેલા ગુરુની આજ્ઞા, જિનાજ્ઞા સમાન છે. મહાનિશીથસૂત્રમાં સમાન નિક્ષેપ કરવા દ્વારા સ્પષ્ટપણે તે જણાવેલું છે.

૧૪૯ गुणपुण्णस्स वि वुत्तो, गोअमणाएण गुरुकुले वासो ।
विणयसुदंसणरागा, किमंग पुण वच्चमिअरस्स? ॥५६॥

ગુણવાન્‌ને પણ વિનય અને સુદર્શનના રાગ માટે થઈને ગૌતમસ્વામીના દૃષ્ટાંતથી ગુરુકુળવાસ બતાવ્યો છે, તો બીજાને તો શું કહેવું ?

૧૫૦ ण य मोत्तव्वो एसो, कुलवहुणाएण समयभणिएणं ।
बज्झाभावे वि इहं, संवेगो देसणाईहिं ॥५७॥

શાસ્ત્રમાં કહેલ કુળવધૂના દૃષ્ટાંતથી ગુરુકુળવાસ છોડવો નહીં. તેમાં બાહ્ય આચરણનો અભાવ હોય તો પણ દેશના વગેરેથી સંવેગ ઉત્પન્ન થાય છે / રહે છે.

૧૫૧ खंताइगुणुक्करिसो, सुविहियसंगेण बंभगुत्ती य ।
गुरुवेयावच्चेण य, होइ महाणिज्जरालाहो ॥५८॥

ગુરુકુળવાસથી - ક્ષમાદિ ગુણોનો ઉત્કર્ષ, સુવિહિતના સંગથી બ્રહ્મચર્યની ગુપ્તિ અને ગુરુની વૈયાવચ્ચથી મહાન્ નિર્જરાનો લાભ થાય છે.

१५३ जह सागरंमि मीणा, संखोहं सागरस्स असहंता ।
निंति तओ सुहकामी, निग्गयमित्ता विणस्संति ॥५९॥

જેમ સાગરના ક્ષોભને સહન નહીં કરી શકતા સુખેચ્છુ માછલાઓ સાગરમાંથી નીકળતા જ મરી જાય...

१५४ एवं गच्छसमुद्दे, सारणमाईहिं चोइआ संता ।
निंति तओ सुहकामी, मीणा व जहा विणस्संति ॥६०॥

તેમ ગચ્છરૂપ સમુદ્રમાં સારણા-વારણા વગેરે વડે ઠપકો અપાયેલા જે સુખેચ્છુ સાધુઓ ગચ્છમાંથી નીકળે છે, તે તરત માછલાની જેમ નાશ પામે છે, ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.

१५९ गीयत्थो अ विहारो, बीओ गीयत्थनीसिओ भणिओ ।
एत्तो तइअ विहारो, नाणुन्नाओ जिणवरेहिं ॥६१॥

એક ગીતાર્થ અને બીજો ગીતાર્થનિશ્રિત વિહાર કહ્યો છે. તે સિવાયના ત્રીજા વિહારની જિનેશ્વરોએ રજા આપી નથી.

१६९ तित्थयरसमो सूरी, सम्मं जो जिणमयं पयासेइ ।
आणं च अइक्कंतो, सो कापुरिसो ण सप्पुरिसो ॥६२॥

જે આચાર્ય સમ્યક્ જિનવાણી કહે છે, તે તીર્થંકર સમાન છે. આજ્ઞાભંજક આચાર્ય તો સાધુ જ નથી - કુસાધુ છે.

१७६ जो हेउवायपक्खंमि, हेउओ आगमे अ आगमिओ ।
सो ससमयपण्णवओ, सिद्धंतविराहगो अन्नो ॥६३॥

જે તાર્કિક પદાર્થમાં તર્કથી અને આગમિક પદાર્થમાં આગમથી જ કહે, તે જિનવચનનો ખરો ઉપદેશક છે, વિપરીત કહેનાર તો જિનવાણીનો વિરાધક છે.

१७८ गुरुगुणरहिओ वि इहं, दट्ठव्वो मूलगुणविउत्तो जो ।
न उ गुणमित्तविहूणो त्ति, चंडरुद्दो उदाहरणं ॥६४॥

જે મૂલગુણ રહિત હોય તે જ ગુરુના ગુણથી રહિત જાણવો, માત્ર એકાદ ગુણ ન હોવાથી નહીં. આ વિષયમાં ચંડરુદ્રાચાર્ય ઉદાહરણ છે.

२०७ जइ वि न सक्कं काउं, सम्मं जिणभासिअं अणुट्ठाणं ।
तो सम्मं भासिज्जा, जह भणियं खीणरागेहिं ॥६५॥

જો જિનોક્ત અનુષ્ઠાન સમ્યક્ રીતે કરી ન શકાય તો છેવટે જે રીતે વીતરાગે કહ્યું છે, તે રીતે સમ્યક્ ઉપદેશ કરવો.

२०८ ओसन्नो य विहारे, कम्मं सोहेइ सुलहबोही अ ।
चरणकरणं विसुद्धं, उववूहंतो परूवंतो ॥६६॥

શુદ્ધ ચારિત્રની પ્રશંસા કરનાર અને પ્રરૂપણા કરનાર, પોતે આચરણમાં શિથિલ હોય તો પણ કર્મની નિર્જરા કરે છે અને સુલભબોધિ થાય છે.

૨૦૯ सम्मग्गमग्गसंपट्ठिआण, साहूण कुणइ वच्छल्लं ।
ओसहभेसज्जेहि य, सयमन्नेणं तु कारेई ॥६७॥

(આવો સંવિગ્નપાક્ષિક) સન્માર્ગમાં રહેલા સાધુઓની ઔષધાદિથી સ્વયં ભક્તિ કરે, બીજા પાસે કરાવે.

૨૧૨ नाणाहिओ वरतरो, हीणो वि हु पवयणं पभावंतो ।
ण य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ॥६८॥

આચારમાં હીન પણ જ્ઞાની એવો શાસનપ્રભાવક સારો, દુષ્કર તપ વગેરે કરનારો અજ્ઞાની નહીં.

૨૧૪ तम्हा सुद्धपरूवगं, आसज्ज गुरुं ण चेव मुंचंति ।
तस्साणाइ सुविहिआ, सविसेसं उज्जमंति पुणो ॥६९॥

એટલે જ સુવિહિતો શુદ્ધ પ્રરૂપક ગુરુને પામીને છોડે નહીં અને તેની આજ્ઞાપૂર્વક વિશેષ ઉદ્યમ કરે.

૨૧૫ एअं अवमन्नंतो, वुत्तो सुत्तंमि पावसमणु त्ति ।
महामोहबंधगो वि अ, खिंसंतो अपरितप्पंतो ॥७०॥

ગુરુને અવગણનારને શાસ્ત્રમાં પાપશ્રમણ કહ્યો છે. ગુરુની નિંદા કરનાર અને સેવા ન કરનારને મહામોહને બાંધનાર કહ્યો છે.

२२४ बकुसकुसीलेहिं तित्थं,
दोसलवा तेसु णियमसंभविणो ।
जइ तेहिं वज्जणिज्जो,
अवज्जणिज्जो तओ णत्थि ॥७१॥

આ તીર્થ બકુશ-કુશીલ સાધુઓ વડે ચાલશે. તેમનામાં નાના દોષો તો નિયમા હોય જ. જો તે દોષોના કારણે તે બકુશ-કુશીલ ત્યાજ્ય હોય, તો કોઈ જ અત્યાજ્ય રહેતું નથી.

२२५ आसयसुद्धीए तओ, गुरुपरतंतस्स सुद्धलिंगस्स ।
भावजइत्तं जुत्तं, अज्झप्पज्झाणणिरयस्स ॥७२॥

એટલે ગુરુપરતંત્ર, શુદ્ધ લિંગધારી અને અધ્યાત્મધ્યાન-નિરતને આશયશુદ્ધિથી ભાવસાધુપણું સંભવે છે.

## ~~ उपदेशरहस्यं ~~

१ नमिऊण वद्धमाणं, वुच्छं भविआण विबोहणट्ठाए ।
सम्मं गुरूवइट्ठं, उवएसरहस्समुक्किट्ठं ॥७३॥

વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને, ભવ્ય જીવોને જ્ઞાન કરાવવા માટે હું ગુરુએ ઉપદેશેલા ઉત્કૃષ્ટ એવા ઉપદેશરહસ્યને સમ્યગ્ રીતે કહીશ.

१० मग्गणुसारी सड्ढो, पन्नवणिज्जो किरियापरो चेव ।
गुणरागी जो सक्कं, आरभइ अवंकगामी सो ॥७४॥

જે માર્ગાનુસારી, શ્રદ્ધાસંપન્ન, પ્રજ્ઞાપનીય, ક્રિયાપરાયણ, ગુણાનુરાગી અને શક્યનો આરંભ કરનાર છે, તે સરળ માર્ગગામી છે.

~~ અપુનર્બંધકાદિના લક્ષણ ~~

૨૨ सो अपुणबंधगो जो, णो पावं कुव्वइ तिव्वभावेणं ।
बहुमण्णइ णेव भवं, सेवइ सव्वत्थ उचियठिइं ॥७५॥

જે તીવ્ર ભાવથી પાપ ન કરે, સંસારમાં બહુ આસક્ત ન હોય અને સર્વત્ર ઉચિત મર્યાદાનું પાલન કરે, તે અપુનર્બંધક છે.

૨૩ सुस्सूसइ अणुरज्जइ, धम्मे णियमेण कुणइ जहसत्ति ।
गुरुदेवाणं भत्तिं, सम्मद्दिट्ठी इमो भणिओ ॥७६॥

જે ધર્મ સાંભળવાની ઈચ્છા કરે, ધર્મમાં અનુરાગી હોય, દેવ-ગુરુની અવશ્ય યથાશક્તિ ભક્તિ કરે, તે સમકિતી કહ્યો છે.

૨૫ णाऊण परिहरंतो, सव्वं सावज्जजोगमुज्जुत्तो ।
पंचसमिओ तिगुत्तो, सव्वचरित्ती महासत्तो ॥७७॥

જે સર્વસાવદ્ય યોગને જાણીને તેના ત્યાગમાં ઉદ્યત હોય, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો ધારક હોય, તે મહાસત્ત્વશાળી જીવ સર્વવિરત છે.

~~ દ્રવ્યાજ્ઞા ~~

२६ एएसिं दव्वाणा, भावाणाजणणजोग्गयाए उ ।
थोवा वि हु जं सुद्धा, बीआहाणेण पुण्णफला ॥७८॥

એમને(અપુનર્બંધકાદિને) જ (પ્રધાન) દ્રવ્યાજ્ઞા હોય છે. કારણકે તે ભાવાજ્ઞાજનક છે - થોડી પણ દ્રવ્યાજ્ઞા શુદ્ધ હોવાથી બીજાધાન દ્વારા પૂર્ણ ફળને આપનારી થાય છે.

१८ गंठिगया सइबंधग, मग्गाभिमुहा य मग्गपडिआ य ।
तह अभविआ य तेसिं पूआदत्थेण दव्वाणा ॥७९॥

ગ્રંથિ નજીક આવેલા સકૃદ્‌બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત અને અભવ્ય જીવોને પૂજા વગેરેની ઈચ્છાથી (અપ્રધાન) દ્રવ્યાજ્ઞા હોય છે.

१९ लिंगाइं होंति तीसे, ण तदत्थालोअणं न गुणरागो ।
नापत्तपुव्वहरिसो, विहिभंगे णो भवभयं च ॥८०॥

તે (અપ્રધાન દ્રવ્યક્રિયા)ના ચિહ્નો - ૧. તેના (સૂત્રના) અર્થની વિચારણા ન હોય, ૨. ગુણનો અનુરાગ ન હોય, ૩. પૂર્વે અપ્રાપ્ત એવી ક્રિયા પ્રાપ્ત થયાનો આનંદ ન હોય, અને ૪. વિધિના ભંગમાં સંસારનો ડર ન હોય.

~~ આજ્ઞાપાલન ~~

४ भण्णइ आणाबज्झा, लोगुत्तरणीइओ ण उ अहिंसा ।
सा णज्जइ सुत्ताओ, हेउसरूवाणुबंधेहिं ॥८१॥

આજ્ઞાને ન અનુસરતી હોય તેવી દેખીતી અહિંસા લોકોત્તર (જિનશાસનની) નીતિથી અહિંસા નથી કહેવાતી. લોકોત્તર અહિંસા, શાસ્ત્ર દ્વારા હેતુ-સ્વરૂપ અને અનુબંધથી જણાય છે.

૫ परिणामो वि अ णियमा,
आणाबज्झो न सुंदरो भणिओ ।
तित्थयरेऽबहुमाणा-
ऽसग्गहदुट्ठो त्ति तंतंमि ॥८२॥

આજ્ઞાવિરોધી પરિણામ નિયમા સુંદર નથી એમ શાસ્ત્રોમાં કહ્યું છે. કારણકે તેમાં તીર્થંકર પર બહુમાન નથી, અને તેથી જ અસદ્ આગ્રહથી દુષ્ટ છે.

૭ मंडुक्कचुण्णकप्पो, किरिआजणिओ खओ किलेसाणं ।
तद्दड्ढचुण्णकप्पो, नाणकओ तं च आणाए ॥८३॥

ક્રિયાથી થયેલો કર્મનો ક્ષય, દેડકાના ચૂર્ણ જેવો છે. (ફરી ઉત્પન્ન થાય) જ્ઞાનથી થયેલો કર્મક્ષય દેડકાની ભસ્મ જેવો છે. (ફરી ઉત્પન્ન ન થાય) અને તે જ્ઞાન આજ્ઞાથી જ મળે છે.

૫૪ तम्हा आणाजोगो, अणुसरियव्वो बुहेहिं जं सो ।
कज्जलमिव प्पईवो, अणुबंधइ उत्तरं धम्मं ॥८४॥

એટલે જ્ઞાનીઓએ આજ્ઞાયોગ અનુસરવો, કારણકે જેમ દીવો કાજળ ઉત્પન્ન કરે, તેમ આજ્ઞાયોગ આગળના ધર્મને લાવે છે.

१४५ जयणा खलु आणाए,
आचरणा वि अविरुद्धगा आणा ।
णासंविग्गाचरणा,
जं असयालंबणकया सा ॥८५॥

આજ્ઞાથી જ જયણાનું પાલન થાય છે અને અવિરુદ્ધ આચરણા પણ આજ્ઞા જ છે. અસંવિગ્નોની આચરણા અસદ્ આલંબને કરાયેલ હોવાથી આજ્ઞારૂપ નથી.

१०६ सुद्धुंछाईसु जत्तो, गुरुकुलचागाइणा ण हियहेऊ ।
हंदि भुयाहिं महोअहि-तरणं जह पोअभंगेणं ॥८६॥

ગુરુકુલવાસનો ત્યાગ કરીને નિર્દોષ ગોચરીમાં પ્રયત્ન, નાવને ભાંગીને હાથ વડે મહાસાગર તરવા જેવો છે; હિતનું કારણ થતો નથી.

१५४ सुत्तत्थाण विसुद्धी, सीसाणं होइ सुगुरुसेवाए ।
सुत्ताओ वि य अत्थे, विहिणा जत्तो दढो जुत्तो ॥८७॥

શિષ્યોને સુગુરુની સેવાથી સૂત્રાર્થની વિશુદ્ધિ થાય છે. સૂત્ર કરતાં પણ અર્થમાં વિધિપૂર્વકનો દૃઢ પ્રયત્ન યોગ્ય છે.

१४ सुत्तं अत्थणिबद्धं, छायाछायावओ जह णिबद्धा ।
तेणं केवलसुत्ते, अणुरत्तो होइ पडिणीओ ॥८८॥

જેમ છાયા, છાયાવાન્ (જેની છાયા હોય તેને) બંધાયેલી છે; તેમ સૂત્ર, અર્થને બંધાયેલું છે, એટલે જે માત્ર સૂત્રનો અનુરાગી છે, તે જિનશાસનનો શત્રુ છે.

८६ अंधो असायरहिओ, पुराणुसारी जहा सयं होइ ।
एवं मग्गणुसारी, मुणी अणाभोगपत्तो वि ॥८९॥

અશાતાના ઉદય વિનાનો આંધળો જેમ સ્વયં જ (આંતર સ્ફુરણાથી) નગરના માર્ગ પર ચાલે; તેમ મુનિ, અજ્ઞાન હોવા છતાં માર્ગાનુસારી હોવાથી સાચો માર્ગ આચરે.

१०७ उववासो वि य एक्को, ण सुंदरो इयरकज्जचाएणं ।
णेमित्तिओ जमेसो, णिच्चं एक्कासणं भणियं ॥९०॥

બીજા વૈયાવચ્ચ વગેરે કાર્યોનો ત્યાગ કરીને એકલો ઉપવાસ સારો નથી. કારણકે તેને નૈમિત્તિક અને એકાસણું નિત્ય કહ્યું છે.

१०३ चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं, णिच्छयसुद्धं ण याणंति ॥९१॥

સ્વશાસ્ત્ર-પરશાસ્ત્રને નહીં ભણનારા, માત્ર ચરણ-કરણને પ્રધાન કરનારા સાધુઓ વાસ્તવિક ચરણકરણના સારને જાણતા જ નથી.

१२० सामाइयं चिय जओ, उचियपवित्तिप्पहाणमक्खायं ।
तो तग्गुणस्स ण हवइ, कइया वि हु गरहणिज्जत्तं ॥९२॥

સામાયિકમાં ઉચિત પ્રવૃત્તિ પ્રધાન હોય છે, તેમ કહ્યું છે. તેથી સામાયિક ગુણ ધારણ કરનાર કદી નિંદનીય બનતો નથી.

१३२ कामं सव्वपदेसुं, उस्सग्गऽववायधम्मया जुत्ता ।
मोत्तुं मेहुणभावं, ण विणा सो रागदोसेहिं ॥९३॥

સર્વ સ્થાનોમાં ઉત્સર્ગ-અપવાદથી યુક્તતા અત્યંત યોગ્ય છે. માત્ર મૈથુનમાં નહીં, કારણકે તે રાગ-દ્વેષ વિના થતું નથી.

१३४ रागद्दोसाणुगयं, नाणुड्ढाणं तु होइ णिद्दोसं ।
जयणाजुअंमि तंमि तु, अप्पतरं होइ पच्छित्तं ॥९४॥

રાગ-દ્વેષથી યુક્ત અનુષ્ઠાન (સર્વથા) નિર્દોષ હોતું નથી. તે જયણાયુક્ત હોય તો પ્રાયશ્ચિત્ત ઓછું આવે.

१३७ जावइया उस्सग्गा, तावइया चेव हुंति अववाया ।
जावइया अववाया, उस्सग्गा तत्तिया चेव ॥९५॥

જેટલા ઉત્સર્ગ છે, તેટલા જ અપવાદ છે. જેટલા અપવાદ છે, તેટલા જ ઉત્સર્ગ છે.

१३९ ण वि किंचि अणुण्णायं,
पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।
एसा तेसिं आणा,
कज्जे सच्चेण होअव्वं ॥९६॥

જિનેશ્વરોએ કોઈપણ ચીજની એકાંતે રજા આપી નથી કે એકાંતે ના પાડી નથી. તેમની આજ્ઞા આ જ છે - કાર્યમાં નિર્દંભ રહેવું.

१४० दोसा जेण निरुज्झंति, जेण छिज्जंति पुव्वकम्माइं ।
सो सो मोक्खोवाओ, रोगावत्थासु समणं व ॥९७॥

જેમ રોગ અવસ્થામાં જે શમન કરે તે ઔષધ કહેવાય; તેમ જેના વડે દોષો નાશ પામે, પૂર્વે બાંધેલા કર્મો નાશ પામે - તે તે મોક્ષનો ઉપાય છે.

१४३ बज्झकिरियाविसेसे, ण णिसेहो वा विही व संभवइ ।
जं सो भावाणुगओ, तयत्थमंगीकया जयणा ॥९८॥

માત્ર બાહ્ય ક્રિયાનો વિધિ કે નિષેધ સંભવિત નથી. કારણકે વિધિ-નિષેધ ભાવને આશ્રયીને હોય છે, અને તે (ભાવ) માટે જ જયણા સ્વીકારાઈ છે.

~~ સ્વભાવસુખ ~~

६९ साभाविअं खलु सुहं, आयसभावस्स दंसणेऽपुव्वं ।
अणहीणमपडिवक्खं, सम्मद्दिट्ठीस्स पसमवओ ॥९९॥

ઉપશમભાવ યુક્ત સમકિતીને આત્મસ્વરૂપના દર્શનથી સ્વાભાવિક, અપૂર્વ, સ્વાધીન અને દુઃખથી અમિશ્રિત એવું સુખ હોય છે.

७० तिमिरहरा जइ दिट्ठी,
जणस्स दीवेण णत्थि कायव्वं ।
तह सोक्खं सयमाया,
विसया किं तत्थ कुव्वंति ? ॥१००॥

જો દૃષ્ટિ જ અંધકારનો નાશ કરનાર હોય તો માણસને દીવાની જરૂર જ નથી. તેમ આત્મા પોતે જ સુખરૂપ છે, ત્યાં વિષયો શું કરવાના છે ?

૭૧ अंतरधारालग्गे, सुहंमि बज्झं पि सुक्खमणुवडइ ।
जह नीरं खीरंमि, निच्छयओ भिन्नरूवं तु ॥१०१॥

આંતરિક પ્રવાહરૂપ સુખમાં બાહ્ય સુખ પણ ભળી જાય છે, જેમ હકીકતમાં જુદા સ્વરૂપનું પણ પાણી દૂધમાં ભળી જાય છે.

१८३ एवं जिणोवएसो, विचित्तरूवोऽपमायसारो वि ।
उचियावेक्खाइ च्चिय, जुज्जइ लोगाण सव्वेसिं ॥१०२॥

એ પ્રમાણે મુખ્યત્વે અપ્રમાદપ્રધાન એવો જિનેશ્વરનો ઉપદેશ, સર્વ લોકોને પોત-પોતાની ઉચિત અપેક્ષાએ વિવિધ પ્રકારનો છે, તે યોગ્ય છે.

१९४ संबंधो कायव्वो, सद्धिं कल्लाणहेउमित्तेहिं ।
सोअव्वं जिणवयणं, धरियव्वा धारणा सम्मं ॥१०३॥

૧. કલ્યાણમિત્રો સાથે સંબંધ કરવો. ૨. જિનવચન સાંભળવું અને ૩. સમ્યક્ રીતે ધારણા કરવી.

१९५ कज्जो परोवयारो, परिहरिअव्वा परेसिं पीडा य ।
हेया विसयपवित्ती, भावेयव्वं भवसरूवं ॥१०४॥

૪. પરોપકાર કરવો. ૫. બીજાને પીડા ન કરવી. ૬. વિષયપ્રવૃત્તિ ત્યાગવી. ૭. સંસારના સ્વરૂપનો વિચાર કરવો.

१९६ पुज्जा पूएअव्वा, न निंदियव्वा य केइ जियलोए ।
लोगोऽणुवत्तिअव्वो, गुणरागो होइ कायव्वो ॥१०५॥

૮. પૂજ્યોની પૂજા કરવી. ૯. જગતમાં કોઈની પણ નિંદા ન કરવી. ૧૦. (શિષ્ટ) લોકોને અનુસરવું. ૧૧. ગુણનો અનુરાગ કેળવવો.

१९७ अगुणे मज्झत्थत्तं, कायव्वं तह कुसीलसंसग्गी ।
वज्जेअव्वा जत्ता, परिहरिअव्वो पमाओ अ ॥१०६॥

૧૨. નિર્ગુણી પર માધ્યસ્થભાવ રાખવો. ૧૩. કુશીલોનો સંસર્ગ પ્રયત્નપૂર્વક વર્જવો. ૧૪. પ્રમાદનો ત્યાગ કરવો.

१९८ छिंदिउमसुहविगप्पं, कोहाइकसायचायसुद्धीए ।
सहजं आयसरूवं, भावेअव्वं जहावसरं ॥१०७॥

૧૫. અશુભ વિકલ્પોનો ત્યાગ કરીને, ૧૬. ક્રોધ વગેરે કષાયોનો ત્યાગ કરીને શુદ્ધ થઈને ૧૭. અવસર મુજબ સહજ આત્મસ્વરૂપ ચિંતવવું.

२०१ किं बहुणा ? इह जह जह, रागद्दोसा लहुं विलिज्जंति ।
तह तह पयट्टिअव्वं, एसा आणा जिणिंदाणं ॥१०८॥

અહીં વધુ શું કહીએ ? જેમ જેમ રાગ-દ્વેષનો જલદી નાશ થાય, તેમ પ્રયત્ન કરવો, એ જ ભગવાનની આજ્ઞા છે.

## માર્ગાનુસારિતાના ૩૫ ગુણો

न्यायसम्पन्नविभवः, शिष्टाचारप्रशंसकः ।
कुलशीलसमैः सार्द्धं, कृतोद्वाहोऽन्यगोत्रजैः ॥१/४७॥

पापभीरुः प्रसिद्धं च, देशाचारं समाचरन् ।
अवर्णवादी न क्वापि, राजादिषु विशेषतः ॥१/४८॥

अनतिव्यक्तगुप्ते च, स्थाने सुप्रातिवेश्मिके ।
अनेकनिर्गमद्वार-विवर्जितनिकेतनः ॥१/४९॥

कृतसङ्गः सदाचारैः, मातापित्रोश्च पूजकः ।
त्यजन्नुपप्लुतं स्थानम्, अप्रवृत्तश्च गर्हितैः ॥१/५०॥

व्ययमायोचितं कुर्वन्, वेषं वित्तानुसारतः ।
अष्टभिर्धीगुणैर्युक्तः, शृण्वानो धर्ममन्वहम् ॥१/५१॥

अजीर्णे भोजनत्यागी, काले भोक्ता च सात्म्यतः ।
अन्योऽन्याप्रतिबन्धेन, त्रिवर्गमपि साधयन् ॥१/५२॥

यथावदतिथौ साधौ, दीने च प्रतिपत्तिकृत् ।
सदाऽनभिनिविष्टश्च, पक्षपाती गुणेषु च ॥१/५३॥

अदेशकालयोश्चर्यां, त्यजन् जानन् बलाबलम् ।
वृत्तस्थज्ञानवृद्धानां, पूजकः पोष्यपोषकः ॥१/५४॥

दीर्घदर्शी विशेषज्ञः, कृतज्ञो लोकवल्लभः ।
सलज्जः सदयः सौम्यः, परोपकृतिकर्मठः ॥१/५५॥

अन्तरङ्गारिषड्वर्ग-परिहारपरायणः ।
वशीकृतेन्द्रियग्रामो, गृहिधर्माय कल्पते ॥१/५६॥

૧. ન્યાયસંપન્નવૈભવવાળો ૨. શિષ્ટાચારનો પ્રશંસક, ૩. સમાન કુલ-શીલવાળા અને અન્યગોત્રી સાથે પરણનાર, ૪. પાપભીરુ, ૫. પ્રસિદ્ધ દેશાચારનો પાલક, ૬. બીજાનો, વિશેષથી રાજાદિનો અનિંદક, ૭. સારા પડોશવાળા, અત્યંત ગુપ્ત કે જાહેર નહીં તેવા સ્થાનમાં, અલ્પ દરવાજાવાળા ઘરમાં રહેનાર, ૮. સદાચારીનો સંગ કરનાર, ૯. માતા-પિતાનો પૂજક, ૧૦. ઉપદ્રવવાળા સ્થાનને તજનાર, ૧૧. નિંદ્ય પ્રવૃત્તિનો ત્યાગી, ૧૨. આવક મુજબ ખર્ચ કરનાર, ૧૩. સંપત્તિ પ્રમાણેનો વેશ પહેરનાર, ૧૪. બુદ્ધિના ૮ ગુણોથી યુક્ત, ૧૫. રોજ ધર્મ સાંભળનાર, ૧૬. અજીર્ણમાં ભોજનનો ત્યાગી, ૧૭. યોગ્ય કાળે પ્રકૃતિ મુજબનું ભોજન કરનાર, ૧૮. એકબીજાને વિરોધ ન આવે તે રીતે ધર્મ-અર્થ-કામને સેવનાર, ૧૯. અતિથિ, સાધુ અને ગરીબની ઉચિત સેવા કરનાર, ૨૦. કદાગ્રહરહિત, ૨૧. ગુણરાગી, ૨૨. દેશ-કાળને અનુચિત આચરણનો ત્યાગી, ૨૩. બળાબળને જાણનાર, ૨૪. વ્રતધારી-જ્ઞાનીનો પૂજક, ૨૫. આશ્રિતોનો પોષક, ૨૬. દીર્ઘદર્શી, ૨૭. વિશેષજ્ઞ, ૨૮. કૃતજ્ઞ, ૨૯. લોકપ્રિય, ૩૦. લજ્જાવાન્, ૩૧. દયાળુ, ૩૨. સૌમ્ય, ૩૩. પરોપકારપરાયણ, ૩૪. કામ-ક્રોધાદિ આંતરશત્રુને જીતવામાં તત્પર, ૩૫. ઇન્દ્રિયવિજેતા - આ ૩૫ ગુણનો ધારક શ્રાવકધર્મને માટે યોગ્ય સમર્થ છે.

ॐ ह्रीँ